૫

# સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી



શાસનસમ્રાટ ભવન ગ્રંથમાલા - ૧૪
(ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ-૨)

# સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક
# ત્રણ પંજાબી મહાપુરુષો

: પ્રવચનકાર :
આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી

: પ્રકાશક :
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા
વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

સંવેગ માર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

વક્તા : આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી

પ્રવચન - સમય તથા સ્થળ :
માગસર વદિ ૯, સં. ૨૦૭૨,
તા. ૩-૧-૨૦૧૬, રવિવાર
સાબરમતી, અમદાવાદ

પ્રત : ૧૦૦૦

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશક : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
C/o. યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા
જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) - ૩૮૯૦૦૧

પ્રાપ્તિસ્થાન : ૧) સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨
૨) શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાયમંદિર
૧૨, ભગતબાગ, જૈનનગર, પાલડી,
અમદાવાદ-૭ ફોન : ૦૭૯-૨૬૬૨૨૪૬૫
૩) શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
શાસનસમ્રાટ ભવન, હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ-૪. ફોન : ૦૭૯-૨૨૧૬૮૫૫૪

મૂલ્ય : ₹ ૨૦૦-૦૦ (સેટ) એક પુસ્તકનું ₹ ૪૦-૦૦

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

# પ્રકાશકીય

અમારા પરમ ઉપકારી ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં, તેઓના શિષ્ય શ્રીવિજયશીલચન્દ્ર-સૂરિજીની પ્રેરણા અનુસાર સ્થાપવામાં આવેલા અમારા ટ્રસ્ટના ઉપક્રમે આજ સુધીમાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે.

તે શૃંખલામાં આજે આ પ્રવચનમાળાની પુસ્તિકાઓનો બીજો સંપુટ પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે, તે માટે અમો પૂજ્ય આચાર્યશ્રીના અત્યંત ઋણી રહીશું. વિશેષ કરીને, નવી શરૂ થયેલી 'શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળા'નાં પ્રથમ છ પ્રકાશનો અમારા ટ્રસ્ટના ઉપક્રમે થયાં હતાં. અને તે જ શૃંખલાનાં આગળનાં પ્રકાશનો પણ અમારા ટ્રસ્ટના ઉપક્રમે થાય છે, તેનું અમારે મન ઘણું ગૌરવ છે.

આ પ્રકાશનમાં શ્રીસાબરમતી-રામનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - અમદાવાદ તરફથી પોતાના જ્ઞાનખાતામાંથી ઉદાર આર્થિક સહયોગ મળ્યો છે, તે માટે તેઓનો પણ અમો આભાર માનીએ છીએ.

સુઘડ મુદ્રણ માટે કિરીટ ગ્રાફિક્સનો આભાર માનીએ છીએ.

લિ.

શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

-નો ટ્રસ્ટીગણ

# પ્રાસંગિક

સં. ૨૦૭૨ના વર્ષે માગસર માસમાં સાબરમતી રામનગરના શ્રીસંઘની વિનંતીથી ત્યાં જવાનો યોગ થયો. સંઘના મોભીઓની ભાવના હતી કે તમે સૂરત, વડોદરા વગેરે સ્થાને પ્રવચનમાળા ગોઠવી તેવી અમારે ત્યાં પણ ગોઠવો. અમારે સાંભળવું છે. એમની એ ભાવનાને અનુરૂપ અમે એક પ્રવચનમાળા ગોઠવી, અને બધા મુનિઓએ જે ભિન્ન ભિન્ન મહાપુરુષો વિષે પ્રવચનો આપ્યાં તે બધાં આ પુસ્તિકાઓના રૂપમાં હવે પ્રગટ થઈ રહ્યાં છે.

૨૦૭૧ના ચાતુર્માસમાં વડોદરા-અકોટા ઉપાશ્રયમાં પણ આવી પ્રવચનમાળા યોજાઈ હતી. અને કેટલાક વિષયો યથાવત્ રાખીને તે જ પ્રવચનમાળા સાબરમતીમાં પણ યોજાઈ. તે બંને સ્થાનનાં પ્રવચનોનું સંકલન આ પુસ્તિકાઓમાં થયું છે, અને તે રીતે એક સુંદર પ્રવચનશ્રેણિ તૈયાર થઈ છે.

પ્રવચનમાળાના બહાને આપણને મહાન જ્યોતિર્ધર પૂજ્ય પુરુષોના ગુણગાનની અનુપમ તક મળી તેનો ઘેરો આનંદ છે. સાથે જ અન્ય બાહ્યપ્રવૃત્તિરૂપ-અનુષ્ઠાનોને બદલે આવાં અન્તર્મુખતા વધારનાર અનુષ્ઠાનો પણ સફળ થઈ શકે છે તેનો અહેસાસ હૈયે છે જ.

આ પૂર્વે પ્રકાશિત થયેલા પ્રવચનમાળાના પ્રથમ સંપુટને ચતુર્વિધ શ્રીસંઘ તરફથી ઘણો જ આવકાર મળ્યો છે. અને અનેક જિજ્ઞાસુ જીવો તેના વાંચનથી લાભાન્વિત થયા છે. તેઓની ઘણા સમયથી તે પ્રકારનાં અન્ય પ્રકાશનો માટેની માંગણી હતી. જિજ્ઞાસુઓની એ શુભ ભાવનાનો પ્રતિસાદ આપ્યાના આનંદ સાથે.

આષાઢ, ૨૦૭૨ - **શીલચન્દ્રવિજય**

# સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

- વિજયશીલચન્દ્રસૂરિ

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

પરમ મંગલમય શ્રીવીતરાગ પરમાત્માનું શાસન !

એ શાસનના ત્રણ આધારસ્તંભ : દેવ, ગુરુ અને ધર્મ.

આ ત્રણ સ્તંભો પૈકી ગુરુ નામના સ્તંભની આપણે વાતો કરવા બેઠા છીએ.

કોઈ પણ કંપની ચલાવવી હોય તો એના એજંટ હોવા અનિવાર્ય છે. સરખામણી નથી કરતો, કારણ કે એવી સરખામણી કરવી એ બરાબર નથી. પણ કંઈક એના જેવું એમ કહેવાનો ભાવ છે. કંપનીઓ તો એના એમ.ડી. ની હાજરીમાં જ એના એજંટો દ્વારા ચાલે. અહીંયા તીર્થંકરેની અનુપસ્થિતિમાં આ પ્રભુનું શાસન ચલાવવું હોય તો એક માધ્યમ, એક

આલંબન, એક આધાર જોઈએ; અને એ આલંબનનું નામ છે ગુરુતત્ત્વ, ગુરુ ભગવંતો.

એમને ગુરુપદે કોણે સ્થાપ્યા એ ખબર છે ? ગુરુ 'ગુરુ' કેમ કહેવાયા ? બરાબર સમજજો. ગુરુ 'ગુરુ' એટલા માટે કહેવાયા કે તીર્થંકર ભગવંતે એમને એ સ્થિતિમાં, એ પદ પર મૂક્યા છે. તીર્થંકરે ગુરુતત્ત્વ ન બતાડ્યું હોત તો સાધુ ગુરુ ન હોત. ગુરુતત્ત્વ કોણે બતાડ્યું ? પરમાત્માએ બતાડ્યું. એ પરમાત્માના માર્ગે ચાલે, એ માર્ગને અપનાવે, એ માર્ગ પ્રમાણે જીવવાની કોશીશ કરે, એનું નામ સાધુ. અને એ સાધુ તે જ ગુરુ.

એ ગુરુતત્ત્વ દ્વારા આ ભગવાનનું શાસન સૈકાઓથી, સેંકડો વર્ષોથી આપણા સુધી ચાલ્યું છે.

નિર્ગ્રંથ ગચ્છ : શ્રી સુધર્માસ્વામી મહારાજ; એમનો કોઈ ગચ્છ નહોતો, પણ આ એમનો ગણ હતો. બધા જ મુનિ નિર્ગ્રંથ હતા, તેમનો ગણ. તમામ ગણધરોએ પોતાના શિષ્યપરિવારો સુધર્માસ્વામીને હવાલે કર્યા, ને તેમનો સૌધર્મ અથવા નિર્ગ્રંથ એવો ગચ્છ કહેવાયો.

નિર્ગ્રંથ એટલે સંપૂર્ણપણે ગ્રંથિથી મુક્ત એવા મહાત્માઓ. અમારી જેમ ગ્રંથ અને ગ્રંથિઓથી ઘેરાયેલા નહિ. ગ્રંથિ એટલે ગાંઠો. નિર્ગ્રંથ એટલે ગાંઠો વગરના. કોઈ ગાંઠ નહિ : રાગની પણ નહિ, દ્વેષની પણ નહિ. એ નિર્ગ્રંથોની પરંપરા ચાલતી રહી.

પછી એ થયો કૌટિક ગણ. કૌટિક અને કાકંદિક એ બે શબ્દો તમે કલ્પસૂત્રમાં સાંભળ્યા હશે. દીક્ષા કોઈ લે, ત્યારે પણ બોલાય : કોટિક ગણ, વજ્રી શાખા, ચંદ્ર કુલ ! જો તમે ધ્યાન માંડીને સાંભળતા હો તો આવું આવું બોલાતું હોય છે. પણ આપણને ઉછામણીના આંકડા સિવાય હવે બીજું બધું

સાંભળવામાં રસ ઓછો હોય છે. જો સાંભળવાની કોશીશ કરો તો ઘણું ઘણું મળે, બહુ સમજવા મળે.

તો એમ કહેવાય છે કે ક્રોડ વખત ગુરુભગવંતે સૂરિમંત્રની સાધના કરી માટે કોટિક ગણ એવું નામ, નિર્ગ્રંથ ગચ્છનું પડ્યું.

ત્યાર પછી આવ્યું ચંદ્ર કુલ : ચંદ્ર ગચ્છ. વનવાસી ગચ્છ. એક જ નિર્ગ્રંથ પરંપરાને સ્થાનભેદે, વ્યવસ્થાભેદે, પરિસ્થિતિના ભેદે જુદાં જુદાં નામે ઓળખાવવામાં આવી. પરંપરા એક જ, શ્રીસુધર્માસ્વામી મહારાજની.

તમને ખબર છે, સેંકડો શાખાઓ હતી એ ? શાખા : Faculty. સેંકડો કુળ હતાં. સેંકડો ગણ હતા. તમે 'આયરિય-ઉવજ્ઝાએ' સૂત્ર બોલો છો. એમાં પહેલી જ ગાથામાં બોલો : 'સીસે સાહમ્મિએ' પછી 'કુલ ગણે અ'. આમાં કુલ અને ગણ શબ્દ બોલો છો. કુલ એટલે મારું કુળ : હું ચંદ્રકુળનો. જેટલા સાધુ ચંદ્રકુળના હોય તે મારા કુળના ગણાય. હું તપગચ્છનો. જેટલા સાધુ તપગચ્છના હોય એ બધા મારા ગણાય. અમે સાધર્મિક ગણાઈએ. આખી વ્યવસ્થા છે આ.

તો આવાં કેટલાંય કુળ હતાં. એક એક ગણમાં અનેક કુળ અને શાખાઓ હતી. એકેક કુળમાં તથા શાખામાં સેંકડો ને હજારો સાધુ-સાધ્વીઓ હતાં. ઘણાં કુળ, ઘણી શાખા, ઘણા ગણ : આ બધું વ્યવસ્થાનો એક ભાગ છે.

એક સ્કૂલ હોય તેમાં એક શિક્ષક વધુમાં વધુ કેટલા વિદ્યાર્થીઓને અવેરી શકે ? ૫૦ કે ૬૦, બરાબર ? એને એક લક્ષ્યાંક આપ્યો હોય કે તમારે ૪૫ બાળકોને સંભાળવાનાં. હવે સાતમા ધોરણમાં ૪ ક્લાસ હોય તો દરેકમાં ૪૫-૪૫ સંખ્યા પ્રમાણે વર્ગ વધતા જાય. એટલે તમે કહો કે ૭ અ, ૭ બ, ૭ ક, ૭ ઘ, બરાબર છે ?

એ જ રીતે અમારે ત્યાં શાખાઓ છે, કુળ છે, ગણો છે, એ પણ પેલા વર્ગોની જેમ વ્યવસ્થાના ભાગરૂપે જ હોય છે. કાળાંતરે એ બધાં જુદાજુદા ગચ્છોમાં ફેરવાયાં. ૮૪ ગચ્છ.

વડગચ્છ - બૃહદ્‌ગચ્છ. નિર્ગ્રંથ ગચ્છનું જ નામ પાછળથી વડગચ્છ થયું. વટવૃક્ષની જેમ પાંગર્યો આ ગચ્છ એટલે વડગચ્છ. વટવૃક્ષની નીચે ૮-૮ શિષ્યોને આચાર્યપદ આપવામાં આવ્યું એટલે વડગચ્છ.

ગુરુભગવંતને સૂઝ્યું કે આ ઘડી-પળ સાધી લેવા જેવાં છે. તાત્કાલિક પોતાના શિષ્યોને ભેગા કર્યા અને ત્યાં ને ત્યાં, કોઈ જ ગોઠવણ વગર તેમને પદવી આપી દીધી. તેથી થયો વડગચ્છ - મોટો ગચ્છ.

એ જ વડગચ્છની પરંપરા આગળ વધી અને તેરમા સૈકામાં જગચ્ચન્દ્રસૂરિ મહારાજ થયા. પરમ સમતાભાવી મહાપુરુષ. તપસ્વી અને જ્ઞાની મહાપુરુષ. એમણે ઉગ્ર તપશ્ચર્યા આદરી. ચિત્તોડના મહારાણાએ એમના તપથી પ્રભાવિત થઈને કીધું કે તમે તો 'તપા' છો – 'હીરલા તપા' છો; આમ 'તપા' નું બિરૂદ આપ્યું મહારાણાએ, અને ત્યારથી વડગચ્છ તપાગચ્છમાં પરિણમ્યો. એ તપાગચ્છની આજે થોડીક વાતો કરવી છે. જગચ્ચન્દ્રસૂરિ મહારાજ પછી આ ગચ્છમાં અનેક મહાપુરુષો થયા.

એક ગચ્છ એવો નથી કે જેમાં મહાન આચાર્ય ભગવંતો ના થયા હોય. દરેક ગચ્છનું આ શાસનની પ્રભાવનામાં, આ શાસનના વિકાસમાં, આ શાસનની રક્ષામાં યોગદાન છે. એક પણ ગચ્છની કિંમત ઓછી ન આંકી શકાય. સામાચારી જુદી જુદી છે એ વાત સાચી. પણ પહેલાં કીધું એમ એ વ્યવસ્થા છે. સામાચારી ભલે જુદી હોય પણ કંપનીના ડાયરેક્ટર અથવા માલિક એક જ છે. દેવ-ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોમાં એક

પણ ગચ્છને મતભેદ નથી. મહાવીર સ્વામી જ તીર્થંકર છે એમાં કોઈને મતાંતર નથી.

તો તપાગચ્છમાં એક એકથી ચઢિયાતા પૂજ્યપુરુષો થયા છે. થોડાંક નામો બોલી જઉં. અમસ્તા મોઢે ચડે છે એ બોલી જઉં. દેવસુંદરસૂરિ મહારાજ, તેમના શિષ્ય સોમસુંદરસૂરિજી, મુનિસુંદરસૂરિ મહારાજ. આ બહુ જાણીતું નામ છે, તમે રોજ બોલો છો : "મુણિસુંદરસૂરિથુઅમહિમા". સહસ્રાવધાની. કેટલાં અવધાન કરે ? સો નહિ, બસો-પાંચસો નહિ, પણ એક હજાર અવધાન ! અને સૂરિમંત્રની એટલી જ ઉત્કટ આરાધના. એમના બનાવેલા સંતિકરં સ્તોત્રથી નગરમાં વ્યાપેલા મારી-મરકીના ઉપદ્રવો શમ્યા હતા. એનું પાણી છાંટો, એનો પાઠ કરો ને બધું શાંત થઈ જાય ! આવા મુનિસુંદરસૂરિ મહારાજ.

પછી લક્ષ્મીસાગરસૂરિ મહારાજ. હેમવિમલસૂરિ મહારાજ : માણિભદ્ર દેવના ગુરુ, સ્થાપક. તપાગચ્છના અધિષ્ઠાયક દેવ તરીકે માણિભદ્રજીની સ્થાપના એમણે કરી. પછી આનંદ-વિમલસૂરિ મહારાજ. ક્રિયોદ્ધાર કર્યો એમણે. એ પછી આવે દાનસૂરિ દાદા અને હીરવિજયસૂરિ દાદા. વિજયસેનસૂરિ, વિજયદેવસૂરિ, વિજયસિંહસૂરિ.

અને આ બધાં નામો તો એકદમ જીભે ચઢી આવેલાં નામો છે. આ બાકી તો આખી શ્રેણી છે આચાર્યોની, ગચ્છનાયકોની, મહાપુરુષોની. કોઈ મહાન તપસ્વી, કોઈ મહાન જ્ઞાની, મહાન પ્રભાવક : બધા પવિત્ર ! આ જેટલાં નામો લીધાં તે બધા જ પરમ પવિત્ર મહાત્માઓ. એમની પવિત્રતા Unbeatable ! એમાં ક્યાંય તમે આંગળી ચીંધી ન શકો.

વિજયદેવસૂરિ મહારાજ પછી આપણે ત્યાં બે પરંપરા પ્રવર્તી. એક યતિ પરંપરા, મુખ્ય ધારા, શ્રીપૂજ્યોની પરંપરા.

યતિ એટલે ગાદીપતિ. શ્રીપૂજ્ય એટલે આચાર્ય. આચાર્ય શ્રીપૂજ્ય જ થાય. કોઈ ભવિતવ્યતાના યોગે સંયમપાલનમાં થોડીક શિથિલતા પ્રવેશી, અને આચાર-વિચારમાં આપણને પ્રશ્નો થાય એવી પરિસ્થિતિ સર્જાઈ. પણ હતા જ્ઞાની. આખોય ગચ્છ એમના તાબામાં, એમની આજ્ઞામાં, સકલ સંઘ એમની નિશ્રામાં. એ આજ્ઞા કરે એ જ થાય. એ આજ્ઞા કરે કે આ સાધુને તમારે વંદન નહિ કરવાનું, તો એ સાધુ ભૂખ્યો મરે; એને ગોચરી પણ ન મળે ! એ કહે કે તમારે અહીં અમુક ક્ષેત્રમાં ચોમાસું નહિ કરવાનું, પછી હું કરું તો તે સંઘ મને રાખે નહિ, મને સ્થાન ન મળે. આવો એક જબરદસ્ત પ્રભાવ અને પરંપરા.

પણ કેટલાક મહાપુરુષોને મનની અંદર એમ થયું કે ભલે શ્રીપૂજ્યની આજ્ઞામાં આપણે વર્તીએ, પણ આપણે શુદ્ધ સંયમ કેમ ન પાળી શકીએ ? એમની આજ્ઞા ન છોડીએ એ બરાબર છે. ત્યાં ગુરુપરંપરા છે, પાટપરંપરા છે, આપણે એમની આજ્ઞા પાળીએ એનો વાંધો નથી, પણ આપણે શુદ્ધ ચારિત્ર પાળવું હોય તો કેમ ન પાળી શકીએ ?

અને વિજયસિંહસૂરિ મહારાજે આ વાત જોઈ. તેઓ હતા પટ્ટધર, અત્યંત ક્રિયારુચિવાળા. જ્ઞાની તો ખરા જ. તો જ પટ્ટધર બનાવ્યા હોય. ચારિત્રના ખપી. એમના શિષ્ય પંન્યાસ સત્યવિજયજી હતા. વાત એવી છે કે સત્યવિજયજીને આચાર્ય-પદવી લેવાનો આગ્રહ કરવામાં આવ્યો. દેવસૂરિ મહારાજે, સિંહસૂરિ મહારાજે કહ્યું કે તમે આચાર્ય થાઓ. ત્યારે સત્યવિજયજીએ કીધું કે મને પદવીમાં રસ નથી. મને ક્રિયામાં રસ છે. મને સંયમના પાલનમાં રસ છે.

અને એમનો વધતો જતો સંવેગ, વૈરાગ્ય, ચારિત્ર-પાલનની જબરદસ્ત ધખના, એ બધું જોઈને સિંહસૂરિ મહારાજે

એમને આજ્ઞા કરી કે તમે ક્રિયોદ્ધાર કરો, સંવેગમાર્ગ પાછો જીવતો કરો. થોડોક નબળો પડ્યો છે, દબાયો છે, એને પાછો પ્રકાશમાન બનાવો. સત્યવિજયજીએ બીડું ઝડપી લીધું. ત્યારે સિંહસૂરિ મહારાજે ઉપાધ્યાય યશોવિજયજી જેવા સાધુઓને આદેશ કર્યો કે તમારે સત્યવિજયજીને સહાયક થવું. અને એ રીતે એમણે ક્રિયોદ્ધાર કર્યો.

સત્યવિજયજી મહારાજે શું કર્યું ? એમણે, એક જે પરંપરા ચાલતી'તી શ્રીપૂજ્યની, એની સમાંતરે આ સંવેગી મુનિઓની પરંપરા પુનઃ પ્રવર્તાવી. તમે સ્તવનમાં બોલો છો : "સંવેગરંગતરંગ ઝીલે" એ સંવેગ : દૃઢ વૈરાગ્ય; સંયમમાં, સંયમ-પાલનમાં તીવ્ર શ્રદ્ધા. એમનો એક એક આચાર જ્ઞાનથી મઘમઘતો આચાર. અજ્ઞાનમૂલક આચાર નહિ, જ્ઞાનથી છલકાતો આચાર ! વર્ષો સુધી ભણ્યા છે. ખૂબ જ્ઞાન સંપાદન કર્યું છે. તમામ શાસ્ત્રોને ઘોળીને પી ગયાં છે. એ શાસ્ત્રોનાં તાત્પર્યો, પૂર્વાપરનાં વાક્યો અને શબ્દોનાં આલંબને એમણે ક્રિયોદ્ધાર કર્યો છે.

એમ ને એમ, ગમે તેમ ક્રિયોદ્ધાર ન થાય. ગમે તે ન કરી શકે. હું કાલે અહીંયા બેસીને બોર્ડ ઉપર લખાવી દઉં કે આજે મેં ક્રિયોદ્ધાર કર્યો છે, કરવા માંડ્યો છે, તો ? તો શું ? હું દુર્ગતિમાં જવાનો ! એટલે ગમે ત્યારે ગમે તે આવું કાર્ય ન કરી શકે.

એ સત્યવિજયજીની આખી પરંપરા ચાલી. પણ સંવેગ-માર્ગ સહેલો નહોતો. યતિઓની સત્તા બહુ પ્રબળ હતી. સંવેગીઓને સુખ પડવા ન દે. પછી તો શું થઈ ગયું ? બે સત્તા સામસામી થઈ ગઈ. સામસામે એટલે થોડોક સંઘર્ષ, થોડુંક ઘર્ષણ. સંવેગી પરંપરાવાળા વિચારે કે જે શ્રીપૂજ્ય સંવેગમાર્ગને સ્વીકારતા નથી, સંવેગી જેવો સંયમ પાળતા નથી, એમને

અમારે શા માટે માનવા કે પૂજવા જોઈએ ? શા માટે એમને વંદન કરવાં જોઈએ ?

શાસ્ત્રોની આજ્ઞા છે કે કોને વંદન કરવું ? કોને ન કરવું ? કેવો આચાર પાળવો ? કેવો ન પાળવો ? શાસ્ત્રોનાં વચન છે, આજ્ઞા છે. એટલે આ દ્વિધા. અને આને લીધે દોઢ સો-બસો વરસો પહેલાંનો એ સમય જૈન સંઘ માટે અંધકારયુગ ગણાયો. મહાન જ્ઞાનીઓ થયા, તો પણ સંઘર્ષોનો કાળ ! વિજયદેવસૂરિ પછી લગભગ પોણા બસો વર્ષોનો કાળ.

એટલું જબરું એ યતિઓનું શાસન કે ઉપાધ્યાય વિનયવિજયજી અને યશોવિજયજી જેવા કેટલાય મહાત્માઓ એના સંઘર્ષમાં આવી ગયા. સામસામા સંઘર્ષ, પ્રાયશ્ચિત્ત, શિક્ષા, માફીપત્રો, એકબીજાની વિરુદ્ધ આક્ષેપો, ઘર્ષણો, મારામારી - બધું ઘણું ઘણું. એ અંધકારયુગની વાતો વાંચીએ ને ત્યારે એમ થાય કે આજે તો આપણે ઘણા સારા છીએ. આવી મારામારી તો નથી કરતા ! હું મારા ગચ્છમાં છું, તમે તમારા ગચ્છમાં છો. આપણે ક્યાંય મારામારી નથી. હું તમને મારવા માટે ચાર જણાને ઉશ્કેરીને મોકલું એવું કશું જ નથી.

તો આ બે પરંપરા સામસામે - સમાંતરે ચાલી. એમાં યતિઓની સત્તા પ્રબળ હતી. જુઓ, વાત એવી છે કે યતિઓ પાસે એક તો સત્તા અને અધિકાર હતાં. ગચ્છની ગાદી હતી. તમને સંઘે અથવા વડીલોએ ભેગા થઈને હોદ્દો આપ્યો હોય; હવે એ મને માન્ય હોય કે ન હોય; માન્ય ન હોય તો હું તમને હેરાન કરું, તમને સતત ઘોંચપરોણો કર્યા કરું, પણ જાહેરમાં તો મારે તમને એ હોદ્દેદાર તરીકે સ્વીકારવા જ પડે ! કેમ કે સંઘે તમને નીમ્યા છે, એમાં હું તમારો ઇન્કાર કેવી રીતે કરી શકું ? એવું જ યતિઓનું હતું. સર્વ સત્તા એમના હાથમાં હતી; આજ્ઞા એમના હાથમાં. કોને ક્યાં ચોમાસું કરવાનું એ તેઓ નક્કી કરે.

સકલ સંઘ એમની આજ્ઞામાં. સંઘને એ કહે કે આ સાધુને વ્યાખ્યાન નહિ વાંચવા દેવાનું, તો એ ન વાંચી શકે.

આમ એક બાજુ એમની સત્તા અને બીજી બાજુ સંવેગમાર્ગ ઝીલવો અને જાળવવો. બહુ કપરું કામ ! વિકટ કામ ! ગોચરી, પાણી, રહેવું – બધામાં નિર્દોષતા જાળવવી એ માનીએ છીએ એટલુ સહેલું નથી. શાસ્ત્રની અને સામાચારીની વાતો, એના શબ્દોને અનુસરીને જીવવું એ ખાવાના ખેલ નથી, ખાંડાના ખેલ છે. એ પ્રમાણે જીવવાનો દાવો કરી શકાય છે, જીવી નથી શકાતું; જીવવાનો દેખાવ રચી શકાય છે, જીવાતું નથી હોતું. અમે જીવીએ છીએ એટલે અમને ખબર છે કે અમે કેટલી તડજોડ કરીએ છીએ, કેટલી બાંધછોડ કરીએ છીએ ! અને એને લીધે અમારાં પરિણામો કેટલાં મેલાં થઈ ગયાં છે ! અમને ખબર છે.

તો, સંવેગમાર્ગના સાધુ ઘટતા ચાલ્યા, સંખ્યા ઘટતી ગઈ. અને એક તબક્કો એવો આવ્યો, ૧૯મી સદીનો પાછલો ભાગ એવો આવ્યો કે આ તપાગચ્છમાં, ગુજરાતમાં જ સાધુઓ રહ્યા. આજે છે તેવા ગુજરાત-રાજસ્થાનના ભેદ તે વખતે નહોતા. આખો મુંબઈ ઈલાકો Bombay Province ગણાતો. એમાં મુંબઈથી આફ્રિકાના એડન શહેર સુધી એક તરફ, તો બીજી બાજુ જેસલમેરથી આગળ સુધી બધું બોમ્બે પ્રેસિડેન્સી ગણાતું. એટલે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ભાષા-ભેદ જે હતો તે હતો; બીજો કોઈ ભેદ નહોતો. આ તો સ્વતંત્રતા મળ્યા પછી આપણે - ભારત સરકારે વ્યવસ્થા કરી કે અહીંયાથી ગુજરાતની બોર્ડર શરૂ થાય, ને ત્યાં મારવાડની હદ પૂરી થાય વગેરે.

તો આ આખા પ્રદેશમાં કુલ મળીને ૩૦ થી ૩૫ સંવેગી સાધુ હતા. સાધ્વીજી પણ બહુ ઓછાં. સાધુ ભગવંતો પણ ઝાઝો

વિહાર ન કરે. અમદાવાદ ને સૂરત ને એટલા એટલામાં વિચરે, ને પોતાની આરાધના કરે. તપાગચ્છ-આખાની સ્થિતિ મંદપ્રાણ !

અહીં એક શબ્દ વાપર્યો છે : મંદપ્રાણ. જેમ કોઈ માણસની ઉંમર થાય અને એનું હાર્ટ નબળું પડે, નર્વસ થઈ જાય, એનાં ફેફસાં કામ ન કરતાં હોય, તેથી એને શ્વાસ લેવામાં જરા મહેનત પડે; આમ બેઠો હોય તો પણ એને શ્વાસ ચઢી જાય, આને કહેવાય મંદપ્રાણ. એના પ્રાણ જરાક મોળા પડે, નબળા પડે.

તપાગચ્છની પણ આ સ્થિતિ થઈ ગઈ. સાધુઓ ઓછા. સંવેગભાવ ઘટ્યો. યતિસંસ્થાનું પ્રભુત્વ પ્રબળ, પ્રચંડ. આમ જુઓ તો બહુ જ વિષમ કાળ : સંક્રાન્તિકાળ ! અને આમ પડતીનો કાળ. જ્યાં જાવ ત્યાં શ્રીપૂજ્યનું જ શાસન !

ધારો કે મારું ચોમાસું સાબરમતી નક્કી થયું છે. હવે આ સાધુની ઇચ્છા પણ અહીં જ રહેવાની છે. હવે મને શ્રીપૂજ્યનો આદેશ થયો છે કે તમારે બે ઠાણાએ સાબરમતી રહેવાનું છે, ને આમને બે ઠાણાને જામનગરમાં રહેવાનો આદેશ થયો છે. પણ આ સાધુને અહીં રહેવું છે, મારે અહીં રહેવું નથી. અથવા મારે અહીં રહેવું કે બીજે રહેવું, મને કોઈ ફરક નથી પડતો. અને આ મારી પાસે આવે ને મને ફોડે. ફોડે એટલે મારા ચોમાસાનું ખેતર ખરીદે, એ પેટે બે રૂપિયા મને આપે. એ વખતના બે રૂપિયા, અત્યારના હજારો રૂપિયા થાય. આમ આટાપાટામાં એ એમનું ક્ષેત્ર મને આપી દે અને મારું ક્ષેત્ર એ લઈ લે. આવા ખેલ ચાલે.

આને અંગે પછી ગચ્છપતિએ એટલે કે શ્રીપૂજ્યજીએ ક્ષેત્રાદેશપટ્ટક બહાર પાડવા પડતા. દરેક ચોમાસે ક્ષેત્રાદેશનું

એક મોટું ઓળિયું બહાર પડે. એમાં લખે : ફલાણો સાધુ : સાથે આંકડો લખ્યો હોય ૨, ૩, ૫, ૧ એમ જેટલા ઠાણા હોય તે આંક; એને આ ગામમાં રહેવું. આણે પેલા ગામમાં રહેવું. એ આખો પટ્ટો બધા સાધુનાં ચોમાસાનો જાહેર થાય. એમાં નીચે લખવામાં આવે કે આમાં જે આટાપાટા કરશે, સોદાબાજી કરશે, ફેરફાર કરશે, એને દંડ થશે. ગચ્છપતિની મંજૂરી લીધા વિના કોઈ ફેરફાર કરી શકાય નહિ.

આવી વિષમ પરિસ્થિતિ, કહો કે અંધાધૂંધી સર્જાઈ હતી તે કાળમાં. ત્યારે જરૂર હતી સંવેગમાર્ગને પાછો ધબકતો કરવાની, તપાગચ્છને પાછો જીવતો અને જળહળતો કરવાની. કોણ કરે આ ? કોણ કરે ?

આ વાતોને આપણે આજની પરિસ્થિતિ સાથે સરખાવીએ. આજે કેટલા સાધુ ? સેંકડો ! હવે તો ‘હજારો’ માં પણ બોલી શકાય. ૨ હજાર એમ બાંધ્યા ભારે બોલી શકીએ. બે હજાર જેટલા સાધુઓ હશે, અને સાત હજાર સાધ્વીઓ હશે. બધું મળીને ૯-૧૦ હજાર થઈ જાય.

હવે તે જમાનામાં કુલ ૩૫-૪૦ સાધુઓ હતા. સાધ્વીજીઓ તો બહુ અલ્પ. સંવેગમાર્ગ સાવ ઝાંખો - ડીમ લાઈટ જેવો. એવે વખતે આ ગચ્છને જીવતો કોણ કરે ?

આજની સ્થિતિની વાત જોઈએ તો આજે પણ તમે બધા વિચારો છો અને બોલો પણ છો કે સાહેબ, કોઈ વ્યવસ્થા તો હોવી જોઈએ. અમારે કોને પૂછવું ? કોનું માનવું ? છેલ્લાં કેટલાંય વર્ષોથી હું તો આવું સાંભળતો આવ્યો છું. શ્રેણિકભાઈ શેઠથી માંડીને રોજના સામાયિક-પ્રતિક્રમણ કરનારા શ્રાવકો સુધીના તમામ લોકો અમને આ પૂછતા હોય છે કે સાહેબ, અમારે કોનું માનવું ? પેલા આમ કહે, બીજા બીજું કહે, ત્રીજા

ત્રીજી વાત કરે, અમારે પૂછવાનું કોને ? બરાબર છે ને ? આ તો આજે જે વાસ્તવિકતા છે તેનું ચિત્ર બતાડું છું. કોઈ નિંદા કે ટીકાની વાત નથી.

તો, આજે પણ ઘણાને એમ લાગે છે કે સાહેબ ! તપાગચ્છમાં કંઈ એકતા થવી જોઈએ. કંઈક એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ કેં જે વ્યવસ્થાને લીધે આખો સંઘ માર્ગદર્શન પામે અને વ્યવસ્થિત રીતે બધાં કામો કરી શકે. આવી વિચારધારા આપણે ત્યાં વ્યાપકપણે લોકોમાં પ્રવર્તે છે. એક ઝંખના છે કે અપેક્ષા છે.

તે જમાનામાં આવી કોઈ દ્વિધા નહોતી. પણ તપાગચ્છ નબળો પડ્યો'તો તે હકીકત હતી. સમયની માંગ હતી કે કોઈક એવો વીરલો મહાત્મા પાકે, પેદા થાય, જે આ ગચ્છને પાછો જીવતો કરે, પાછો જાગૃત કરે, અને પાછી એ આ ગચ્છની ચેતનાને સંવેગમાર્ગના પ્રવાહમાં એવી તો પલોટે કે જૈન શાસનનો ડંકો વાગે.

ગુજરાત કે મારવાડમાં એ સમયે આવું કામ કરી શકે તેવું કોઈ વ્યક્તિત્વ ન હતું. કોઈ સાધુ, કોઈ સાધ્વી, કોઈ ગૃહસ્થ એવાં નહોતાં. અમદાવાદમાં નગરશેઠ હેમાભાઈ હતા. શ્રાવક વર્ગના મોટા આગેવાન. એમનો પ્રભાવ પણ રાજસત્તામાં ઘણો પડતો. દિલ્હી સરકારમાં, અંગ્રેજ સરકારમાં એમનો મોટો પ્રભાવ. બધું ખરું. પણ ધર્મનું ક્ષેત્ર આવે એટલે બધાય એક સામાન્ય માણસની જેમ હાથ જોડીને બેસી રહે. સાહેબ, ધર્મ જે આજ્ઞા કરે તેમાં અમારાથી કાંઈ થાય નહિ. અને કોણ ઝંડો પકડે ? એવે સમયે....

એવે સમયે પંજાબમાંથી ત્રણ મહાપુરુષો અહીંયા આવ્યા. ક્યાંથી આવ્યા ? ગુજરાતથી નહીં. રાજસ્થાનથી પણ નહિ,

પંજાબથી. આપણાં બે મુખ્ય કેન્દ્રો છે – ગુજરાત અને મારવાડ. જૈન શાસનનાં બે મુખ્ય કેન્દ્ર. મહારાષ્ટ્ર વગેરે બીજાં બધાં ક્ષેત્રો ખરાં, પણ મુખ્ય કેન્દ્ર તો આ બે જ. અને ત્યાં સાધુઓ નહોતા એમ નહિ. વીરવિજયજી મહારાજ જેવા ઘણા સંતો હતા. બધા કવિ હતા. ઉત્તમ ચારિત્રવંત હતા. પણ ગચ્છમાં પ્રાણ ફૂંકે એવું કોઈ નહિ. એ કામ આ પંજાબી ત્રિપુટીએ કર્યું.

બૂટેરાયજી મહારાજ, મૂળચંદજી મહારાજ અને વૃદ્ધિચંદ્રજી મહારાજ. આ ત્રણ તે પંજાબી ત્રિપુટી. આ એમનાં મૂળ નામો છે – સ્થાનકમાર્ગનાં; આપણાવાળાં નામો પછી આવશે, દીક્ષા લેશે પછી. ત્રણેય મહાપુરુષોએ સ્થાનકવાસી દીક્ષા લીધેલી.

બૂટેરાયજી મ. ની વાત કરું. પોતે પંજાબના વતની. સંવત્ ૧૮૬૩માં જન્મ. કેટલાં વરસ થયાં ? ૧૮૬૩-૧૯૬૩-૨૦૬૩-૨૦૭૧, તો ૨૦૦ કરતાં વધારે વરસ થયાં. ૧૮૭૮માં વૈરાગ્યભાવ જાગ્યો. પંદર વરસની ઉંમરે માને કીધું કે "મને તારા ઘર-સંસારમાં કોઈ રસ નથી. મને ગમતું નથી. મારે સાધુ થવું છે. મારે ભગવાનને ભજવા છે".

અને એમને મા પણ એવી મળી કે એણે કહ્યું કે "બેટા ! તારે સાધુ થવું છે ? તો મારી રજા છે. પણ એક વાત મારી માનજે. ગમે તેવો સાધુ ન થતો. સાધુ થાય તો પાછો ત્યાં સંસાર ઊભો ન કરતો. ભેખ લીધા પછી પાછો જો સંસાર માંડવાનો હોય તો મારે તને સાધુ નથી થવા દેવો. સાધુ થઈ જાણજે." એ સાંભળીને એમણે માને કીધું કે તું રજા આપે તો હું ગુરુની શોધ કરું. રજા મળી. ૧૦ વરસ ગુરુની શોધમાં રખડ્યા છે બૂટેરાયજી. પોતે જાટ કોમના ક્ષત્રિય હતા. હિન્દુ ધર્મના હતા. જૈન ધર્મી નહોતા. એટલે હિન્દુ સંતો, સંન્યાસીઓની વચ્ચે ૧૦

વર્ષ સુધી ફર્યા. બધે જાય, રહે, સત્સંગ કરે, જ્ઞાન મેળવે, એમનાં પ્રવચનો સાંભળે, એમના આશ્રમોમાં રહે. પરંતુ થોડા દિવસમાં જ મન ઉપડે કે ના, ના, અહીં વૈરાગ્યનો રંગ દેખાતો નથી; સંસારનો જ રંગ છે.

વૈરાગ્ય દેખાડવો એક વાત છે, અને વૈરાગ્યનો રંગ હોવો એ બીજી વાત છે. વૈરાગ્યની વાતો બોલી શકાય જરૂર. હું વ્યાખ્યાન એવું વાંચું કે તમને - ભલભલાને દીક્ષાના ભાવ થઈ જાય. પણ જ્યાં એનું આચરણ કરવાનું આવે ત્યાં એનો રંગ જો બદલાય તો સમજવાનું કે હાથીના દાંત દેખાડવાના જુદા ને ચાવવાના જુદા છે. વૈરાગ્ય તો બહુ આકરી વાત છે. તેની વાતો બોલવી સહેલી, બોલીને તમને પટાવવા અને અષ્ટમપષ્ટમ સમજાવવા બહુ સહેલી વાત છે. પણ મારી જાતને વૈરાગ્યના રંગમાં રંગવાનું બહુ કઠિન છે.

રત્નાકરસૂરિ મહારાજે તો કહી દીધું આપણા જેવા માટે કે वैराग्यरङ्गः परवञ्चनाय – મારો વૈરાગ્ય-રંગ શેને માટે ? તો રત્નાકર પચ્ચીશીમાં કહ્યું કે લોકોને છેતરવાના માટે ! આ શબ્દો સાંભળ્યા છે ને ? બોલો પણ છો ને ? તો વૈરાગ્યનો રંગ દુનિયાને છેતરવા માટે છે અને આ વાત સેંકડો વરસ અગાઉ રત્નાકરસૂરિ મહારાજ લખી ગયા છે. અને આજે આપણે માનીએ, ઘણા લોકો માને છે કે અમારો વૈરાગ્ય તો ઓ.... હો...! નમો અરિહંતાણં..... પણ યાદ રાખવું કે વૈરાગ્ય એ એટલી બધી સહેલી વસ્તુ નથી જ.

તો આ દશ વર્ષ સુધી વૈરાગ્યના રંગની શોધમાં ફર્યા, ત્યારે છેવટે એમને એક સ્થાનકમાર્ગી જૈન સંતનો પરિચય થઈ ગયો. એ ઋષિ નાગરમલજી નામના સાધુપુરુષ હતા. એમની પાસે રહ્યા. ત્યાં એમને લાગ્યું કે વાહ ! અહીંયા કંચન નથી,

કામિની પણ નથી. સંસારની મૂળ વાતો બે : સોનું અને સ્ત્રી. એ બેમાંથી એકેય આમની પાસે નથી. શ્વેત વસ્ત્રો પહેર્યાં છે. અને મોં પર કપડું બાધેલું જોઈ પૂછ્યું કે આ શા માટે બાંધો ? તો જવાબ મળ્યો કે જીવોની જયણા પાળવા માટે - રક્ષા માટે. તો બધાંય જીવોની રક્ષા કરે છે. કશો પરિગ્રહ નથી અને ભિક્ષાજીવી છે, ભિક્ષા માગીને ખાય છે. આ સાચા સાધુ છે ! એમણે ત્યાં દીક્ષા લીધી, ૧૮૮૮માં, ૨૫ વર્ષની ઉંમરે.

સંસારમાં બે સ્થિતિ છે. કાં તો આપણે ગુરુની શોધ કરીએ, કાં ગુરુ આપણી શોધ કરે. કાં તો હું ગુરુના શરણે જાઉં, કાં તો ગુરુ મારું વરણ કરે. ક્યારેક એવું બને છે કે ઓચિંતા જ ગુરુ આપણને પકડી લે, હેમચન્દ્રાચાર્ય માટે એવું કહી શકાય. દેવચંદ્રગુરુએ પાહિણી માતાને કીધું કે આ છોકરો તારે મને આપી દેવાનો છે. બપ્પભટ્ટીસૂરિ માટે એવું કહી શકાય. ગુરુભગવંતે કીધું કે આ તમારું બાળક અમને સોંપી દેવાનું છે. તો ક્યારેક આમ ગુરુ વરણ કરે શિષ્યનું, તો ક્યારેક શિષ્ય ગુરુનું શરણ સ્વીકારે. અહીં શિષ્યે ગુરુને સ્વીકાર્યા છે.

દીક્ષા લીધી. દીક્ષા પછી જ્ઞાનમાર્ગમાં ઊંડો રસ. ક્રિયામાર્ગમાં પણ ખૂબ રસ. આગમોના થોકડા ભણે. એ લોકો ૩૨ આગમો જ માને. એ ૩૨ આગમોનું પારાયણ કરે. ગુરુજી શીખવાડે. શીખે, વાંચે, અને એટલા બધા તીક્ષ્ણ-મેધાવી કે વાંચે, સાંભળે એમ મનમાં શંકાઓ સળવળે અને પૂછતા જાય. શબ્દે શબ્દનો અર્થ સમજવા માગે. ગુરુ સમજાવે તે કરતાં જુદો અર્થ પોતાને લાગે તો પૂછે. ગુરુ સમજાવે કે ભાઈ, આ અર્થ પણ થાય ખરો, પણ આપણી પરંપરા એ અર્થ સ્વીકારે નહિ. આમ બધું ચાલતું રહે.

પહેલાં ૩ ચોમાસાં દિલ્હી કર્યાં. ગુરુજી બિમાર હતા. એમની સાથે ત્રણ ચોમાસાં. પછી વિચાર થયો કે મારે કંઈક વધુ

જાણવું છે, એટલે ગુરુની મંજૂરી લઈને એક ચોમાસું તેરાપંથી સાધુઓ સાથે કર્યું : એમની પરંપરા, એમનું જ્ઞાન, એમનો વૈરાગ્ય બધું કેવું છે એ સમજવા માટે ત્યાં રહ્યાં. પણ ચોમાસા પછી તરત પાછા ફર્યા કે ના, ના, આમાં કાંઈ જામતું નથી. પાછા ગુરુની પાસે બે ચોમાસાં કર્યાં.

તેઓ ગુરુજી સાથે ચર્ચા ખૂબ કરે છે. ગુરુ એકદમ સમભાવી છે, વિચારશીલ છે. ખાનગીમાં કહે છે કે બેટા, તારા વિચારો સાચા છે. પણ સમજી-વિચારીને વર્તજે. નહિતર પરંપરા બહુ વિચિત્ર હોય છે.

આ પછી બિમાર ગુરુ કાળધર્મ પામી ગયા. વિયોગ થયો. પરંતુ પોતાનું વાંચન અને શાસ્ત્રાધ્યયન બરાબર ચાલે છે. મનમાં સંશયો પણ જાગતા રહે છે. 'આ મુહપત્તિ બાંધીએ છીએ એ વાજબી છે કે નહિ ? આપણે મૂર્તિને કેમ નથી માનતા ?' આ બે મુખ્ય સંશય. પોતે ગ્રંથો વાંચે અને એમ થાય કે આમાં વાત તો મૂર્તિને માનવાની જ છે ! ૩૨ સૂત્રોમાં પણ અનેક પાઠો અને અનેક શબ્દો એવા છે કે જે મુહપત્તિ બાંધવાનો નિષેધ સૂચવે છે અને મૂર્તિની પૂજા કરવાનું સૂચવે છે. વર્ષો સુધી આ મંથન ચાલ્યું છે.

૧૮૮૮માં દીક્ષા છે. ૧૮૯૭માં એમના મનમાં સ્પષ્ટ થઈ ગયું કે અમે જે રસ્તો સ્વીકાર્યો છે એ બરાબર નથી. રસ્તો તો આ જ સાચો છે. એટલે એમણે ૧૮૯૭માં સન્માર્ગનું પ્રતિપાદન શરૂ કર્યું, જાહેરમાં. હવે મોઢે મુહપત્તિ બાંધી હોય, સ્થાનકવાસી સંતનો ભેખ લીધો હોય, અને દેરાવાસી સાધુ બોલે એવું બોલવું ! તમે વિચારો કે હું અહીંયા બેઠો હોઉં અને બીજી પરંપરાનું બોલું તો તમે તગેડી મૂકો કે બીજું કાંઈ કરો ? બહુ સ્વાભાવિક છે.

૧૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યો. સત્યની ખોજ ! મુહપત્તિ બાંધવી એ બરાબર નથી. કેટલાય શ્રાવકો મળ્યા એની જોડે શાસ્ત્રાર્થ, કેટલાય સાધુઓ મળ્યા એની જોડે શાસ્ત્રાર્થ ! શાસ્ત્રાર્થ તો કરે, પણ ધમકીઓ મળે. એટલું જ નહિ, રાત્રે છરો લઈને મારી નાખવા માટે હત્યારાઓ મોકલવામાં આવે. બૂટેરાયજી મહારાજ સંથારી ગયા હોય અને પેલો હત્યારો છરો લઈને આવે મારવાને.... અને કોને ખબર, કેવાં પુણ્ય ત્યારે એમનાં જાગે !

રાત્રે પેલો છરો લઈને મારી નાખવા માટે આવ્યો છે. સંપ્રદાયના સાધુઓએ અને લોકોએ એને મોકલ્યો છે. મહારાજશ્રી સંથારી ગયા છે. પણ એમના ચહેરા ઉપર પવિત્રતા લીંપાયેલી દેખાઈ રહી છે. તમે કુટિલ છો કે સરળ છો, એ તમારા ચહેરા પર વંચાતું હોય છે. અહીં પેલાએ પવિત્રતા જોઈ, નિર્દોષતા જોઈ, અને એને થયું કે ઓહો ! આવા સાધુને મારે મારી નાખવાના ? આ વિચારમાં ને વિચારમાં એનાથી અજાણતાં જ ક્યાંક અથડાઈ જતાં અવાજ થઈ ગયો. એ અવાજ સાંભળતાં જ બૂટેરાયજી બેઠા થઈ ગયા. તરત બોલ્યા : 'કૌન હો ભૈયા ?'

હવે શું થાય ? પેલો ગભરાયો. હાથમાંથી છરો પડી ગયો. એ મહારાજની પાસે ગયો ધ્રૂજતો કાંપતો. મહારાજે કહ્યું કે 'ડરો મત, મુજે મારનેકો આયા હો ન ? માર દો. યે બૈઠા હું મૈં' 'તમારે મને મારી નાખવો છે ને ? તમે મારી શકો છો મને. હું પ્રતિકાર નહિ કરૂં. આ બેઠો. તમારું કામ પતાવી દો. તને કોઈકે આ કામ સોંપ્યું હશે ને ! તારી આજીવિકા છે. તને તે લોકો દશ-વીશ રૂપિયા આપવાના હશે. તારે જે કરવું હોય તે કર. મને વાંધો નથી. હું તને રોકીશ નહિં'.

પેલો તો સ્તબ્ધ છે. હતપ્રભ છે. એ પ્રણામ કરીને કહે કે 'બાપજી ! હું બહુ પાપી છું. પાપનાં કામ જ કરૂં છું. પણ તમારા જેવા સંતને આજે મારે મારી નાખવાના છે, એ પાપ કરીને હું ક્યાં જઈશ ? ક્યા જનમમાં છૂટીશ ? મને ફલાણા મહારાજે, અમુક વ્યક્તિએ આ કામ સોંપ્યું છે. પણ તમને મળ્યા પછી, તમને જોયા પછી આવું પાપ કરવાની મારામાં હિંમત નથી રહી. તમે આરામ કરો. હું જાઉં છું. પરંતુ આ લોકોથી તમે સાવધ રહેજો.' આમ કહી, માફી માગીને એ જતો રહ્યો.

આમ અનેક રીતે ઉપદ્રવો થયા. એમના વ્યાખ્યાનમાં ધમાલ મચાવે છે. જે કાંઈ પણ હેરાનગતિ કરી શકાય તે બધી જ થઈ. પણ બૂટેરાયજી અડોલ ! સત્યની ખોજ અને સત્યનો રસ્તો - એ મારે છોડવા નથી. વર્ષો સુધી એ જ વેષમાં રહીને પણ સાચા માર્ગની પ્રરૂપણા કરી. મૂર્તિની પ્રરૂપણા કરી. મુહપત્તિ તોડી નહિ, પણ મુહપત્તિ ન બંધાય એવી પ્રરૂપણા કરી.

હજી એકલા જ છે. સંવત ૧૯૦૨ માં શિયાલકોટના ઓસવાળ શ્રાવકનો પુત્ર મૂળચંદ એમની પાસે આવ્યો, એને દીક્ષા આપી. નામ પાડ્યું, મૂળચંદજી મહારાજ. ગુરુ જાટ-ક્ષત્રિય, શિષ્ય વણિક અને તે પણ ઓસવાળ. બન્ને પ્રબળ, મજબૂત. બન્ને જણે ચર્ચાઓ કરી, નક્કી કર્યું, અને ૧૯૦૩માં બન્નેએ મુહપત્તિ તોડી, એ જ પંજાબમાં વિરોધીઓની વચમાં રહીને. અને પછી ખુલ્લેઆમ બધે વિચર્યા.

૧૯૦૪માં રામનગરના શ્રાવક કૃપારામની દીક્ષા થઈ. નામ પાડ્યું વૃદ્ધિચંદ્રજી મહારાજ. દિલ્હીમાં વરઘોડો કાઢીને એમણે દીક્ષા લીધી. કેવી રીતે દીક્ષા લીધી, ખબર છે ? એમને

ભાવ થયો કે મારે દીક્ષા લેવી છે, સાધુ થવું છે. પોતે સ્થાનકવાસી જૈન હતા. એમના માતા-પિતાએ કીધું કે તું મહારાજ સાહેબ પાસે જા, રહે. તારે દીક્ષા લેવાની હોય ત્યારે અમને કહેવડાવજે. અમે આવશું અને દીક્ષા અપાવશું.

સાવ સાદો વ્યવહાર. કોઈ આટાપાટા નહિ. કોઈ આડંબર નહિ. પેલા ગયા દિલ્હી. મહારાજશ્રી પાસે રહ્યા. એમાં અષાઢ શુદ તેરશે એમને ભાવ જાગ્યો કે મારે દીક્ષા લેવી છે, ને લઈ લીધી. કોણ મા ને કોણ બાપ ! કોઈને પૂછવાનું નહિ ને કોઈને કહેવાનું નહિ. અને મા-બાપને ચોમાસામાં ખબર પડી કે દીક્ષા થઈ ગઈ છે, તો કહે : સારું કર્યું દીક્ષા લીધી તે. લેવાની જ હતી ને ! આ બધું હું અહીં બોલી જઉં છું. એટલું સહેલું નથી હોં. તો બેના ત્રણ સાધુ થયા. બીજા પણ એક પ્રેમચંદજી મ. હતા, બીજા પણ થયા. પણ આપણે એ વિગતમાં જવું નથી. આપણે મૂળ પ્રવાહમાં જ આગળ વધવાનું છે.

૧૯૦૯નું વર્ષ આવ્યું. હવે શોધ કરે છે કે સાચો માર્ગ સંવેગનો કેવો હોય ? ક્યાં હશે ? અમને કાંઈ જ ખબર નથી. સૂત્રમાં લખ્યું કે મૂર્તિને માનવી જોઈએ, તો માનવાની. સૂત્રાધારે નક્કી થયું કે મુહપત્તિ બંધાય નહિ, તો તે પણ છોડી નાખી. આ બધું તો સાચું, પરંતુ સાચો, સમ્યગ્ સંવેગમાર્ગ કેવો હોય ? એની આચરણા ક્યાં ? કેવી રીતે ? તીર્થંકરે એમ કહ્યું કે ૨૧ હજાર વર્ષ સુધી શાસન રહેવાનું છે, એટલે શાસન ક્યાંય હોય તો ખરૂં જ. એ શાસન ક્યાં છે ? શેમાં છે ?

શાસન શેમાં છે ભાઈ ? દેરાસરમાં ? ઉપાશ્રયમાં ? કે સંવેગભાવમાં ? સંવેગ : દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે અવિહડ શ્રદ્ધા તે સંવેગ. ભવનો તીવ્ર નિર્વેદ તે સંવેગ. વૈરાગ્યની આત્યન્તિક

તીવ્રતા તે સંવેગ. એ સંવેગમાર્ગ ક્યાં છે ? અમારે જાણવો છે, શોધવો છે.

શોધ કરે છે, પણ કશો સાંધો સૂઝતો નથી. એમણે વિચાર કર્યો કે આપણે વિહાર કરીએ. પંજાબ છોડીને બીજે ક્યાંક વિચરીએ. શોધ કરવા નીકળીએ, તો ક્યાંક આપણને સાચો માર્ગ મળી જશે. અને ૧૯૦૯માં વિહાર કર્યો. અજમેર આવ્યા. ત્યાંથી એક સંઘ જતો હતો છ'રી પાળતો - કેસરિયાજી જાત્રા માટે. અજમેરથી કેસરિયાજી.

અજમેરમાં એમને એક મૂર્તિપૂજક શ્રાવક મળ્યા. એમણે પૂછ્યું, 'મહારાજ ! તમે કોણ ?' તો કહે કે 'અમે જૈન સાધુ'. 'કેવા જૈન સાધુ ? તમારાં કપડાં તેરાપંથી-સ્થાનકવાસી જેવાં છે, અને મોઢે વસ્ત્ર બાંધ્યું નથી એટલે દેરાવાસી જેવા લાગો છો ! કપડાં પહેર્યાં છે એટલે દિગંબર નથી લાગતા. તો તમે કયા પંથના સાધુ છો ? નથી શ્વેતાંબર લાગતા, નથી દિગંબર, નથી સ્થાનકવાળા લાગતા કે નહિ તેરાપંથના; તો તમે કોણ ? તમારો ઓઘો વળી લાંબો છે દંડાસણ જેવો ! આ બધાંમાં મને કાંઈ સમજ નથી પડતી'.

ત્યારે મહારાજશ્રીએ સમજાવ્યું કે 'ભાઈ, અમે તો પંજાબના સાધુ છીએ. સ્થાનકવાસી મતમાં સાધુ હતા. અમને સંવેગમાર્ગની શોધ કરવી છે અને આ માટે અમે નીકળ્યા છીએ.' શ્રાવકે ફરી પૂછ્યું : 'સાહેબ, સંવેગી સાધુ કેવા હોય તેની આપને ખબર છે ?' તો કહે છે કે 'ના, અમને કાંઈ જ ખબર નથી.' શ્રાવકે કહ્યું કે, 'એવા સાધુ અમારા ગુજરાતમાં છે.' મહારાજે કહ્યું કે 'તો અમારે ગુજરાત જવું છે, સંવેગી સાધુનાં દર્શન કરવાં છે અમારે.' શ્રાવક કહે કે 'તો ચાલો અમારી સાથે.'

બૂટેરાયજી મહારાજ તો એટલા તલપાપડ થઈ ગયા કે ક્યારે ગુજરાત પહોંચીએ ! એ ગયા કેસરિયાજી - સંઘ સાથે. ત્યાં ગુજરાતના ઈલોલ ગામેથી એક સંઘ આવેલો. ઈલોલ ઈડર પાસેનું એક ગામ છે. ત્યાં એક શેઠ : બેચરદાસ માનચંદ. તેમણે ઈલોલથી કેસરિયાજીનો સંઘ કાઢેલો. પેલો સંઘ ત્યાંથી આવ્યો, ને આ સંઘ અહીંથી ગયો. એ બેચરભાઈને મહારાજશ્રી મળ્યા. પરિચય થયો. વાત જાણતાં બેચરભાઈએ કીધું કે 'મારી સાથે ચાલો અમદાવાદ. ત્યાં તમને સંવેગી સાધુ મળશે'. પધાર્યા - અમદાવાદ.

અમદાવાદ આવીને સીધા હઠીભાઈની વાડીમાં ગયા, ત્યાં મુકામ કર્યો. પોતે બે જ ઠાણા આવ્યા હતા. મૂળચંદજીને અજમેરથી નાગોરના રસ્તે મોકલ્યા છે. પોતે કેસરિયાજી થઈને આવ્યા છે. નગરશેઠ હેમાભાઈને ખબર પડી કે પંજાબથી બે સાધુઓ આવ્યા છે. તરત પોતે ત્યાં પહોંચ્યા. શહેરમાં પધારવાની વિનંતિ કરી. હઠીભાઈની વાડી તે વખતે ગામની બહાર. બહારની વાડી જ કહેવાય છે ને ! શહેરની-દરવાજાની બહારની વાડી. દરવાજા બહારનો વિસ્તાર જંગલ જેવો. બાવન જિનાલય કદી શહેરની વચમાં ન બંધાય, એવી મર્યાદા. બાવન જિનાલય હમેશાં નગરની બહાર જ બંધાય. આ પણ નગરની બહાર જ હતું. હવે નગર વસી ગયું એ જુદી વાત છે. હવે તો અડાલજ સુધી અમદાવાદ ફેલાઈ ગયું છે. પહેલાં તો નેમિસૂરિ મહારાજ તબિયતને અંગે જાસુદબાઈ સેનેટોરિયમમાં મહિનો મહિનો રહેતા હતા. અમદાવાદથી એ ગિરધરનગર કેટલું દૂર હતું ! જંગલમાં ગણાતું. આજે એ અમદાવાદનું સેન્ટર થઈ ગયું.

શેઠ એમને વિહાર કરાવીને શહેરમાં લઈ ગયા, ત્યાં ઉજમફોઈની ધર્મશાળામાં તેઓ બિરાજમાન થયા. તે વખતે

સૌભાગ્યવિજયજી મહારાજ ડહેલાના ઉપાશ્રયે હતા. તેમને વંદન કર્યાં. તેઓ બહુ રાજી થયા કે 'તમે શુદ્ધ સત્ય માર્ગની ખોજમાં આવ્યા છો, બહુ સારું કર્યું છે'.

શત્રુંજયનો મહિમા ખૂબ સાંભળ્યો હતો. એટલે કહે કે બીજી બધી વાત પછી, પહેલાં શત્રુંજયને ભેટવો છે; બીજી દીક્ષા વગેરેની વાત પછી, પહેલાં જાત્રા કરવી છે. એ વખતે અમદાવાદથી સંઘ નીકળતો હતો, તેમાં જોડાઈ ગયા. આઠ દહાડે જ સંઘ અમદાવાદથી શત્રુંજય પહોંચ્યો. તે વખતે કાંઈ ડામરના રોડ નહોતા. આ બધા વિહારક્ષેત્રો નહોતાં. અડાબીડ રસ્તા, ગાડાકેડા. રોજ ચાલે તો ૮ દહાડે પાલીતાણા પહોંચી જાય. આંજે તો આપણે પાલીતાણા ઘણું લાંબું કરી નાખ્યું છે. ૧૮ દહાડા થાય છે હેંડતાં.

તો તેઓ ૮ દહાડે પાલીતાણા પહોંચ્યા, અને શત્રુંજયની ઝાંખી મળી, ત્યારે કલ્પના કરો કે એમની મનોદશા કેવી થઈ હશે ? અમે નાના હતા ત્યારે એક ગીત સાંભળેલું : "જેમ તરસ્યાને વગડામાં પાણી મળે, જેમ ડૂબતાને સામો કિનારો મળે, તું છો મુજને પણ તેમ, હવે છોડું ના એમ; પંથદર્શી મળ્યો છે મુજને તારલિયા...." જેને શત્રુંજય જિંદગીમાં પહેલી વખત જોવા મળે તેની હાલતનું વર્ણન છે આ ગીતમાં ! ૧૮૬૩માં જન્મેલો માણસ ૧૯૦૯ પછી યાત્રા કરે ! કેટલાં વરસ ? આ ૯ અને પેલાં ૩૭ = ૪૬. અને અત્યાર સુધી શત્રુંજયની યાત્રા એટલા માટે નહોતી કરી કે તેઓ 'શત્રુંજયને માનવો એ મિથ્યાત્વ છે' એવું જ શીખ્યા હતા. સંજોગો ન હોય અને યાત્રા ન થાય એ આખી વાત જુદી છે. પણ અહીં તો શીખવાડ્યું છે કે શત્રુંજય જાય તો મિથ્યાત્વ લાગે, માટે નથી ગયા. તમે આત્મારામજીનું સ્તવન કદી સાંભળ્યું છે ?

અબ તો પાર ભયે હમ સાધો,
શ્રી સિદ્ધાચલ દરશ કરી રે....

આત્મારામજી મહારાજ રડતાં જાય. ડુંગર ચડતાં જાય, ત્યારે ચોધાર આંસુએ રડતાં જાય અને આ સ્તવન લલકારે. એમ કહે કે "ભગવાન, દુર્ભવ્ય જીવોને પણ તમે તાર્યા. પાપીઓને પણ તમે તાર્યા છે. પણ 'મુજ સરીખા નિંદક જો તારો'.... કોને તારો ? મેં તો સાહેબ, આખી જિંદગી શત્રુંજયની નિંદા કરી છે, વિરોધ કર્યો છે, શત્રુંજયને જુએ એને મિથ્યાત્વ લાગે એવી પ્રરૂપણા કરી છે. આવા નિંદકને તમે જો તારો તો તમારી વડાઈ !"

તો, એ રીતે બૂટેરાયજીએ યાત્રા કરી. યાત્રા કર્યા પછી પહેલું ચોમાસું ભાવનગરમાં કર્યું. હજી સ્થાનકદીક્ષા જે લીધેલી છે તેમાં જ વર્તે છે, સંવેગી દીક્ષા લીધી નથી. ભાવનગરનો સંઘ બહુ રાજી થયો. બહુ ભક્તિ કરી. બહુ સ્વીકાર્યા. ચોમાસામાં એમણે શાસ્ત્રોનું વાંચન કર્યું. ઉપાધ્યાય યશોવિજયજી અને હરિભદ્રસૂરિ મહારાજના ગ્રંથોનું વાંચન કર્યું, અને એમને ખબર પડી કે સંવેગમાર્ગ કોને કહેવાય ? કેવો હોય ? સમજ્યા પોતે.

હવે મંથન ચાલ્યું : દીક્ષા તો લેવી છે. સંવેગી સાધુ તો થવું છે. પણ કોની પાસે થવું ? ગુરુ તો જોઈએ જ. ગુરુ વગર તો સાધુ થવાય જ નહિ. ગુરુ કોણ જોઈએ - કેવા જોઈએ ? આવા ચેલાઓને ચેલા બનાવવા એ કાચાપોચાનું કામ નથી. સિંહણનું દૂધ છે. એવો સંવેગ, એવો સંવેગ, આકરો સંવેગ, સંવેગના હણહણતા ઘોડા ! આજે તો એ સંવેગનો છાંટોય જોવા નથી મળતો, એવો તીવ્ર સંવેગ !

વિચાર કરે છે કે ક્યાંક ને ક્યાંક, કાંઈક ગરબડ છે જ. અમે જે આ યશોવિજયજીના ને હરિભદ્રસૂરિના ગ્રંથો વાંચ્યા,

એમાં જે સામાચારી બતાડી છે, એ સામાચારી તો ક્યાંય જોવા નથી મળતી, પાલનમાં - એપ્લીકેશનમાં. કોઈક આમ કરે છે, કોઈક તેમ કરે છે. બધે ફરક જોવા મળે છે, આપણે શું કરવું ?

છેવટે, દોઢેક વરસના મનોમંથન પછી તેઓ અમદાવાદ આવ્યા. ત્યાં બે સાધુ ભગવંત હતા, સૌભાગ્યવિજયજી અને મણિવિજયજી. નામ સાંભળ્યું છે ને ? મણિવિજયજી દાદા. જાવ ડહેલાના ઉપાશ્રયે, ત્યાં એમની છબી છે, જોઈ આવજો. વિદ્યાશાળા એ શું છે ? એ જુદો ઉપાશ્રય નહોતો. નામ શું છે ? વિદ્યાશાળા. જેમ કે તમે અહીં સંઘ ચલાવો છો, અને બાજુમાં એક મકાન છે તેમાં તમે પાઠશાળા ચલાવો છો. એનું નામ તમે સામાયિકશાળા, વિદ્યાશાળા, પાઠશાળા એવું કાંઈ આપ્યું. હવે કાળાંતરે સંઘમાં તડ પડે અને સ્થાન જુદાં થાય. એવું અહીં થયું છે. વિદ્યાશાળા એ ડહેલાના ઉપાશ્રયની પાઠશાળા હતી. અસલમાં બાપજી મહારાજ પણ ડહેલાના ઉપાશ્રયના જ હતા. મણિવિજય દાદાના શિષ્ય. કાળાંતરે વિભાજન થયું અને બે ઉપાશ્રય સામસામા જુદા થયા. બાકી એ સ્વતંત્ર ઉપાશ્રય હતો જ નહિ. વિદ્યાશાળાએ શ્રાવકો પોસહ કરતા. કેટલા શ્રાવકો પૌષધ કરે ? તો ચૌદશે ૫૦૦ થી ૬૦૦ શ્રાવકો પોસહ કરે. બહેનોની વાત નથી કરતો; એ તો બહેનોના ઉપાશ્રયે જાય; આ તો ફક્ત શ્રાવકોની વાત કરૂં છું. સવારના પહોરમાં ૫૦૦ જણા પૌષધ લેતાં હોય ત્યાં કેવો માહોલ બનતો હશે ? અહીં તો આપણે તરત જ રેકોર્ડબ્રેકની વાતો ચાલુ થઈ જાય કે અમારી નિશ્રામાં ૫૦૦ જણાએ પોસા કર્યા !

બે મુખ્ય શ્રાવકો હતા : સુબાજી રવચંદ જેચંદ અને ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ. 'સુબાજી' એ બિરૂદ હતું. આવા શ્રાવકો પૌષધ લઈ નીચે કટાસણું પાથરી બેસે; આખો દહાડો ક્રિયા હોય, અને બપોરના ત્રણ કલાક છોટાભાઈ ઝવેરી હાથમાં

મુહપત્તિ રાખીને ગ્રંથ વાંચે. સમરાદિત્ય કેવલીનો રાસ, શ્રીચંદ્રકેવલીનો રાસ - આવા રાસનું ગાન અને વાંચન કરે, અને ૫૦૦ પોષાતીઓ સાંભળે. આ રીતે ત્યાં પૌષધ થતાં. ભણવાનું કામ ત્યાં થાય માટે વિદ્યાશાળા નામ.

તો, બૂટેરાયજીએ જોયું કે મણિવિજયજી શાંત સ્વભાવી છે, નિર્દોષ જીવન છે, પવિત્ર પુરુષ છે, આપણે એમને ગુરુ બનાવીએ. હેમાભાઈ નગરશેઠની સલાહ લીધી. હેમાભાઈએ કીધું કે તમારો વિચાર બહુ જ યોગ્ય છે.

ગયા મણિવિજયજી પાસે. હેમાભાઈ શેઠે ભલામણ કરી. અને મણિવિજયજી દાદાએ દીક્ષા આપી. બૂટેરાયજીનું નામ બુદ્ધિવિજયજી પાડ્યું. મૂળચંદજીનું મુક્તિવિજયજી અને વૃદ્ધિચંદ્રજીનું નામ પાડ્યું વૃદ્ધિવિજયજી. પણ તે બધા પહેલાંના નામે જ ઓળખાતા રહ્યા છે. બુદ્ધિવિજયજી કહો તો કોઈ ઓળખે નહિ ! બૂટેરાયજી કહીએ તો તરત ખ્યાલ આવે.

૧૯૧૨ માં દીક્ષા લીધી. જોગ વહ્યા ને વડીદીક્ષા થઈ હોવાનો સ્પષ્ટ નિર્દેશ મળતો નથી. કદાચ આ દીક્ષા તે વડી-દીક્ષા જ હોય તો બની શકે. એવો પણ નિર્દેશ તો મળે છે. તથ્ય તો જ્ઞાનીઓ જાણે.

સંયમને લગતાં કાર્ય આટોપાયાં કે તરત જ તેમણે ડહેલાનો ઉપાશ્રય છોડી દીધો. કારણ કે એમના હૈયામાં સંવેગમાર્ગની જે ધારણાઓ, સમજણ અને શાસ્ત્રની આજ્ઞાઓ બેઠેલી હતી તે પ્રમાણે ત્યાં તેમને સંતોષ કે સમાધાન થાય એવું નહોતું. એટલે તેઓ ઉજમફોઈની ધર્મશાળામાં આવીને રહ્યા. નગરશેઠે એમને સમર્થન આપ્યું, સંમતિ આપી. પછીનું એમનું કામ તે બહુ મોટું કામ હતું. જુઓ,

એક બાજુ સંવેગમાર્ગની જબ્બરદસ્ત પરંપરા ચલાવવાની. તો બીજી બાજુ સંવેગી સાધુઓમાં પ્રવર્તતી શિથિલતાઓ સામે ઝુંબેશ ઉપાડવાની. ત્રીજી બાજુ યતિઓની સત્તા તોડવાની. તો ચોથી બાજુ શાંતિસાગરજી જેવા એકાંત નિશ્ચયનયવાદી સાધુઓ કે જેમણે ક્રિયામાર્ગનો સર્વથા વિપ્લવ કર્યો હતો : ક્રિયા કરાય જ નહિ, ક્રિયાની જરૂરત જ નથી; મન ચંગા તો કથરોટમેં ગંગા; બસ, તમારું મન ચોખ્ખું છે તો બસ.

હમણાં આપણે ત્યાં ચાલે છે ને દાદા ભગવાનનું કે 'હું આત્મા છું' બસ, તમે આત્માને જાણો. બીજું કાંઈ જ કરવાની જરૂર નહિ. આવા નિશ્ચયમત જૈન શાસનના સંવેગમાર્ગને હાનિ પહોંચાડતા હતા, તેનું નિવારણ તેમણે કરવાનું હતું. પાંચમી બાજુએ સંવેગી સાધુઓ શાસનમાં નહોતા તે વધારવાના હતા. આમ એમણે અનેક કાર્યો કરવાનાં હતાં.

તેઓ એકવાર લીંબડી ગયા. ત્યાં કોઈ શ્રાવકે ગોચરીમાં રીંગણાનું શાક પાત્રામાં વ્હોરાવી દીધું. સાધુએ ઉપાશ્રયે આવીને કીધું કે "મહારાજજી, આજે તો આ શ્રાવકે આ શાક પાત્રામાં નાખી દીધું. શું કરવું ?" બૂટેરાયજીએ આ વાતને ગંભીરતા થી લીધી. બધા સાધુઓને ભેગા કર્યા છે. "મૂલા !" મૂલચંદજી મહારાજને કહે છે કે "મૂલા ! દેખ, જેવા ઉપદેશક હોય એવો માર્ગ ચાલે. આજે ઉપદેશકો શિથિલ છે. યતિઓનું સામ્રાજ્ય છે. ને સ્થાનકવાસી આચાર એ માર્ગ-વિરુદ્ધ આચાર છે. અહીંયા એની પ્રથા છે એટલે આ શ્રાવક આમ વહોરાવે જ. આને દૂર કરવું હશે તો સંવેગમાર્ગ પ્રવર્તાવવો પડશે. સંવેગમાર્ગ પ્રવર્તાવવા માટે શુદ્ધ ચારિત્ર-સંપન્ન ટકોરાબંધ સાધુઓ પેદા કરવા પડશે. મારી આજ્ઞા છે કે તું અને વૃદ્ધિચંદ્ર - તમે બે ભેગા મળીને સાધુઓ વધારો !"

બન્નેએ ગુરુભગવંતની આજ્ઞા શિરોધાર્ય કરી, અને પહેલે જ ધડાકે ૩ સાધુઓને દીક્ષા આપી. ૧૯૧૨માં પોતે આ માર્ગે આવ્યા, ને ૧૯૧૩માં ૩ ને દીક્ષા આપી. ૧૯૧૫માં પાલીતાણા પધાર્યા. ત્યાં એક બનાવ બન્યો. આ બધા મૂળે પંજાબી સાધુ. અમારી જેવા નહિ કે અર્ધો કપ દૂધ પીએ ને ઝાડા થઈ જાય ! આપણે બધા માયકાંગલા. પેલા તો અસ્સલ પંજાબી. તમારા જેવા ૨૫ સામે આવ્યા હોય અને તેઓ એક ધક્કો મારે તો એ ૨૫ ખડી પડે ! આવી તાકાતવાળા તે લોકો. શુદ્ધ ક્ષત્રિય. અને તમે અમારો લોટ જોયો છે કોઈ દહાડો ? મોટી તરપણીને લોટ કહેવાય. લાકડાનો હોય. આજે ઘણા સાધુઓ ઘડાને બદલે લોટ વાપરે છે. એટલો મોટો લોટ ભરીને દૂધ એક ઘૂંટડે ગટગટાવી જાય તેવા તે મજબૂત સાધુઓ. પણ કાયમ એકાસણાં કરે, બૂટેરાયજી. ક્યારેક સાધુ વહોરવા જાય, તો ક્યારેક પોતે પણ જાય.

અમારા મહારાજજી નંદનસૂરિ મહારાજ અમને કહેતાં કે "તેઓ અમદાવાદમાં બિરાજમાન હોય ત્યારે રતનપોળમાં નગરશેઠની હવેલી હતી ત્યાં વહોરવા જાય. હવે મહારાજજીને ખબર નહિ કે આ જે વહોરાવે છે તે હેમાભાઈ શેઠનાં શેઠાણી છે, ઘરવાળાં છે. એમને કાંઈ જ લેવાદેવા નહિ. કામવાળી વહોરાવે કે શેઠાણી, ને કઢી વહોરાવે કે દૂધપાક - કોઈ ફરક ન પડે. દૂધપાકને કઢી કહે, ને કઢીને દૂધપાક સમજી લે. માત્ર પાત્રામાં લેતાં પહેલાં જોઈ લેતા કે ૪૨ દોષ તો લાગતા નથી ને ? નિર્દોષ છે ને ? પછી જ વહોરે.

રોટલી, શાક, કઢી તથા જે પણ લેવાનું હોય તે એક જ પાત્રામાં લઈ લેતા, અને ઉપાશ્રયે જઈને એ બધું એકબીજા સાથે ભેળવી એકરસ કરીને એક જ પાત્રમાં એકાસણું કરી લેવાનું. કોઈ જ ફરિયાદ નહિ કરવાની. ક્યારેક દૂધ મળે, કદીક દાળ

મળે, તો ક્યારેક કઢી હોય. જે વખતે જે નિર્દોષ મળે તે લઈ લેવાનું. ચાનો તો તે વખતમાં કોઈ ચાલ ન હતો. આવા ઉમદા એ સાધુ."

તો બન્યું એવું કે એક દહાડો પાલીતાણામાં સાધુ દૂધ વ્હોરી આવ્યા. મહારાજજીએ તે મોંમાં નાખ્યું. તેમણે તરત કીધું, "અરે મૂલા, યે દૂધ તો કડુઆ લગતા હૈ. જરા દેખ, યે ક્યા હૈ ?" મૂળચંદજીએ તરત લોટ ખેંચી લીધો. જરાક ચાખતાં જ તેઓને ખ્યાલ આવી ગયો કે બહેને મૂઠો ભરીને ખાંડને બદલે મીઠું નાખી દીધું છે. એટલું મીઠું કે દૂધ કડવું થઈ ગયું ! તેમણે કીધું કે "સાહેબજી ! આ દૂધ પીવું તે આપનું કામ નથી. અમે વાપરી જઈશું." ત્યાં વૃદ્ધિચંદજી બાજુમાં જ બેઠા હતા. તેમણે કહ્યું, "ભાઈ સાહેબ ! ક્યા હૈ જરા મુઝે દિખાઓ !" અને એમણે લોટ ખેંચ્યો. ચાખ્યું. તરત કહે, "મોટા ભાઈ, આમાં તો કોઈકે ભારે નીમક નાખી દીધું છે ! જુઓ મોટા ભાઈ ! ગુરુભગવંતનું આમાં કામ નહિ. આવી વસ્તુ એમને વપરાવાય નહિ. અને તમે ગચ્છપતિ છો. શાસનના નાયક છો. તમારાથી આવું વપરાય નહિ. અને પરઠવું તો શક્ય જ નથી. મીઠાવાળું દૂધ પરઠવીએ તો અસંખ્ય જીવોની વિરાધના થાય." આમ બોલીને લોટનું દૂધ બધું પાત્રામાં ઠલવીને વૃદ્ધિચંદ્રજી એકીશ્વાસે ગટગટાવી ગયા. મૂળચંદજી હાં હાં કરતા રહ્યા ને આ પી ગયા. પરિણામ શું આવ્યું ? તેમની કાયા નબળી હતી, કોઠો પણ નબળો. ત્રણેયમાં સશક્ત કાયા મૂળચંદજીની જ હતી. બૂટેરાયજી વૃદ્ધ અવસ્થા હતી અને આ નબળા હતા. એમણે જેવું તે દૂધ પીધું કે તરત જ ઝાડા શરૂ થઈ ગયા ! ૫૦ થી ૬૦ વાર ઠલ્લા થઈ ગયા. એ જ દિવસથી તેમને સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડી ગયો તે ૧૧ વર્ષ સુધી, પોતે જીવ્યા ત્યાં સુધી રહ્યો. રોજ ૫૦-૬૦ વાર ઠલ્લે જવું પડે. વિહાર કરવાની શક્યતા ન

રહી. પોતે ભાવનગર પધાર્યા અને ત્યાંના શ્રાવકોએ તેમને ભાવનગરમાં રોકી લીધા. ગુરુજીને કહ્યું કે "સાહેબ, આમને વિહાર ન કરાવો. ભલે હવે અમારે ત્યાં જ રહેતા."

એ ત્યાં રહ્યા, અને ત્યારથી ત્યાં વૃદ્ધિચંદ્રજીની પાટ સ્થપાઈ. તેમણે આખા સંઘને કેળવ્યો અને ભણાવ્યો. ત્યાં કુંવરજી આણંદજી જેવા પંડિત ને અમરચંદ જસરાજ જેવા શ્રાવકો પેદા થયા. આજે ભાવનગર કોઈ પણ રીતે વખણાતું હોય તો એના પાયામાં વૃદ્ધિચંદ્રજી મહારાજ છે.

આ બાજુ મૂળચંદજી મહારાજ હતા. તેમણે શાસનનાં ઘણાં કાર્યો આરંભ્યાં. ટૂંકમાં એ બધી વાતો જોઈએ. મૂળચંદજીની ગણિપદવી પં. દયાવિમલજી મહારાજના હાથે ૧૯૨૩માં થઈ. બૂટેરાયજી પંજાબ ગયા, બે સાધુને લઈને. ત્યાં વિચર્યા, અને મૂર્તિ-માર્ગનું મંડન કર્યું. કેટલાંય દેરાસરો કરાવ્યાં. પ્રતિમાઓ ગુજરાતથી મંગાવીને ત્યાં પધરાવી. ક્યાંક ક્યાંક તો એવું કર્યું કે પબાસણમાં ઉપર નીચે એમ બે ભાગ કર્યા. ઉપર પબાસણમાં પાર્શ્વનાથની મૂર્તિ ને નીચે ગોખલામાં ગુરુ નાનકની છબી. ઘણા મૂળ જૈનો શીખ થઈ ગયેલા. તેઓને જૈન બનાવવા હોય તો શું કરાય ? તો તેઓ ગુરુનાનકને પગે લાગવા આવે, ને એ બહાને ભગવાનને પણ પ્રણામ કરે. આમ કરીને ઘણાયને તેમણે જૈન માર્ગે દોર્યા. કલ્પના કરો કે આ મહાપુરુષે કેવાં કેવાં કામ કર્યાં છે !

આ બાજુ હઠીભાઈની વાડીએ એક બહેનની દીક્ષા હતી, પંન્યાસ રત્નવિજયજી ડેલાવાળાના હાથે. ઘણા સાધુ હતા. બૂટેરાયજીને પણ આમંત્રણ આપ્યું. તેમણે જવાનું મન નહોતું, પણ પછી શિષ્યોના આગ્રહથી ૬૯ સાધુઓને લઈને ગયા. દીક્ષાર્થી બહેન આવી. આપણે ત્યાં રિવાજ છે તેમ પહેલાં

કામળી વહોરાવે ને પછી ગુરુપૂજન કરે. પેલી બહેને રૂપિયા કાઢ્યા અને રત્નવિજયજીને નવ અંગે પૂજા કરવા માંડ્યાં. આ જોતાં જ બૂટેરાયજી ઊભા થઈ ગયા અને ત્યાં જ જાહેરમાં પડકાર કર્યો કે "આ શિથિલાચાર ? આ સંવેગમાર્ગ ?" બહુ દલીલબાજી ચાલી સામસામી. હીરવિજયસૂરિ મહારાજનું ગુરુપૂજન થયું હોવાનો દાખલો અપાયો. બૂટેરાયજીએ કહ્યું કે "કોઈ યુગપ્રધાન જેવા આચાર્યનું કોઈ રાજા-મહારાજા આ રીતે પૂજન કરે એટલે આપણા જેવા ગાંગા તેલી જેવા પણ પૂજન કરાવે એ શિથિલાચાર છે, અને શાસ્ત્રમર્યાદાનો સરેઆમ ભંગ છે." અને તેઓ ત્યાં જ દીક્ષાનો પ્રસંગ છોડીને સાધુઓ સાથે ત્યાંથી નીકળી ગયા.

પડકાર ફેંકવાની પણ તાકાત જોઈએ. માર પડે તો ખાવાની તૈયારી જોઈએ. ત્યાં પડકાર ફેંક્યો કે "આ શિથિલાચાર છે, સંવેગમાર્ગ નથી. સાધુને ને રૂપિયાને શું લેવા-દેવા ? એની પૂજા હોય જ કેવી રીતે ? સાધુની ભક્તિ હોય, પૂજા ના હોય. પૂજા હોય તો તે પણ શાસ્ત્રોક્ત રીતે વસ્ત્ર-પાત્રાદિ પડિલાભવારૂપ પૂજા હોય; નવ અંગે પૈસાની પૂજા ન હોય." આમ નિષેધ કર્યો.

પાલીતાણા તરફ વિચર્યા. ચોમાસું સિહોર કર્યું. ત્યાં મરુદેવા માતાની ટૂંક છે. શત્રુંજયની જે ૨૧ ટૂંકો છે તેમાં શાંતેશરીની ટૂંક, મરુદેવાની ટૂંક એવી બધી ટૂંકો છે. પોતે સિહોર રહ્યા ત્યારે મૂળચંદજી મહારાજ રોજ બપોરે મરુદેવાની ટેકરી પર જઈને ત્યાં પ્રભુ આદિનાથનાં પગલાં હતાં ત્યાં બાજુની ગુફામાં જઈને ત્રણ કલાક ધ્યાનસાધના કરતા. આજે તો ત્યાં આપણી ટૂંક, આપણાં પગલાં - એ બધું ઇતર લોકોને માટે માતાજીનું મંદિર થઈ ગયું છે. એટલે આપણું - જૈનોનું કોઈ અસ્તિત્વ જ નથી રહ્યું, નથી રહેવા દીધું.

એમણે દીક્ષા આપવા માંડી હતી. સં. ૧૯૩૨માં આત્મારામજી મહારાજ ૧૮ સાધુને લઈને મૂળચંદજી પાસે આવ્યા કે અમને આપના શિષ્ય બનાવો. હવે વાત એવી છે કે જ્યારે ગુરુએ મૂળચંદજી અને વૃદ્ધિચંદ્રજીને આજ્ઞા કરી કે સાધુઓ બનાવો, ત્યારે એ બન્નેએ એકાંતમાં બેસીને પ્રતિજ્ઞા કરેલી કે "સાધુઓ વધારવા ખરા, પણ આપણા બેમાંથી એકેયના ચેલા બનાવવા નહિ. જે સાધુ થાય તે બૂટેરાયજી મહારાજના ચેલા થાય. આપણા ચેલા નહિ." બન્ને જણાએ ગાંઠ વાળી.

અને અત્યારે ? હું તમને કહું કે જરા પેલાને સમજાવો ને કે મારો ચેલો થાય ! અત્યારની વૃત્તિ જ જાણે કે ભ્રષ્ટ થઈ ગઈ ! ને આ બન્ને ભાઈઓએ પ્રતિજ્ઞા કરી કે સાધુ થાય તો એને ગુરુ મ.નો જ ચેલો બનાવીશું, અમારો નહિ.

પછી તો દીક્ષાર્થીઓને ભગાડે. ભાગીને આવે તેને દીક્ષા આપી દે. આત્મારામજી ૧૮ જણાને લઈને આવેલા. બધાએ મુહપત્તિ તોડેલી. કહે કે "હમ આપકે ચેલે બનનેકો આયે હૈં" મહારાજજી કહે કે "મેરે ચેલે નહિ, ગુરુજી કે ચેલે બનો ! મેરે ગુરુભાઈ બનાને મેં મુઝે ગૌરવ હૈ." હવે આત્મારામજી જો મૂલચંદજીના શિષ્ય થયા હોત તો ? તો આજે સંઘની સ્થિતિ કદાચ જુદી જ હોત. પણ એમણે એમને ગુરુભાઈ જ બનાવ્યા. નિઃસ્પૃહતાનો એક એક માપદંડ તો તપાસો !

એક દહાડો બે છોકરા આવ્યા - દીક્ષા લેવા. બન્નેને વૃદ્ધિચંદ્રજી પ્રત્યે આકર્ષણ થયું. એમણે કહ્યું કે અમારે એમના ચેલા થવું છે. ગુરુજીએ તરત આજ્ઞા કરી કે "મૂલા, યે દોનોંકું વૃદ્ધિચંદ્રકે ચેલે બનાના." આદેશ ! એક જ વાત : આદેશ એટલે આદેશ. એમાં દલીલ-અપીલ ચાલે નહિ. કર્યા ચેલા. પણ વૃદ્ધિચંદ્રજીને ખાટી ગઈ કે આ તો ખોટું. મોટાભાઈને ચેલા નહિ

ને મારે ચેલા ? એ સારું લાગે ? જો જો, આ કેવી પ્રીતિ છે ! કેવી સમજણ છે ! એમણે ખાનગીમાં બૂટેરાયજી મ. ને કીધું કે "સાહેબ ! મોટા ભાઈને એક પણ ચેલો નહિ ને મને ચેલા થાય એ કેવું લાગે !" સાહેબ કહે, "ઐસા હૈ ? જાવ, અભી જો દીક્ષાર્થી આવે તો મૂલચંદકા ચેલા બનાના." બસ, આ રીતે એમણે સાધુઓ વધારવા માંડ્યા.

એકવાર આમ જ એક વીસેક વરસના છોકરાને દીક્ષા લેવી છે, પણ ઘેરથી રજા નથી મળતી. ઘરે ત્રાસ આપે. અત્યારે જેને ઓનર કિલિંગ કહે છે એ પ્રકારનો ત્રાસ ! છોકરો દીક્ષાની વાત કરે તો મારે, પીડે, કનડે, હેરાન કરે. આ સંજોગોમાં કોઈક બે ચાર જણે ભાગીને દીક્ષા લઈ લીધી. એટલે અમદાવાદના સંઘમાં ઊહાપોહ થઈ ગયો કે આ તો કાંઈ સાધુ કહેવાય ? આવી રીતે ભગાડીને દીક્ષા અપાતી હશે કાંઈ ? આ સાધુઓનો બહિષ્કાર કરો !

તે વખતે પ્રેમાભાઈ નગરશેઠ હતા. એમને વિનંતિ થઈ કે સંઘ ભેગો કરો, આ વાતનો નિવેડો લાવો ! અને આખો સંઘ ભેગો થયો. શેને માટે ? તો દીક્ષા રોકવા માટે. પણ મજાની વાત એ હતી કે એ સંઘમાં રત્નવિજયજી, બૂટેરાયજી વગેરે બધા સાધુઓને પણ નોતરૂં આપેલું. બધા ભેગા થાય તો જ સંઘ ગણાય ને ? બધાને ભેગા કર્યા.

મહારાજજીને વાત કહી કે આ રીતે ભગાડીને તમે દીક્ષા આપો છો તે બરાબર નથી. આ ન ચાલે. બંધ કરો.

મૂળચંદજીએ કીધું કે "બરાબર છે. સંઘ જે આજ્ઞા કરે તે મારે શિરોમાન્ય છે. આ સંઘ છે અને એને હું ઉત્થાપીશ નહિ, પણ મારે થોડીક રજૂઆત કરવી છે, તમે કહો તો કરું." સંઘે હા કહી. એટલે તેમણે કહ્યું : "અહીંયા ૨૫-૩૦ સાધુઓ બેઠા છે.

રત્નવિજયજી, સૌભાગ્યવિજયજી વગેરે. મારે એમને વિનંતિ કરીને પૂછવું છે કે "તમે દીક્ષા લીધી ત્યારે ઘરેથી રજા મળી'તી ને લીધી છે કે ભાગીને લીધી'તી ?" બે ત્રણ મુનિને બાદ કરતાં બધાએ ભાગીને જ લીધી હતી, બધા ભાગેડૂ હતા, એટલે બોલ્યા કે "ના, અમને રજા નહોતી, અમે પણ ભાગીને જ લીધી છે."

હવે સાધુઓએ તો જેવું હતું તેવું કહી દીધું. એટલે મૂળચંદજી મહારાજે કીધું કે "જુઓ, આ બધાય આજે ઉત્તમ સાધુઓ છે. પાટ શોભાવે છે. ગચ્છ શોભાવે છે. શાસન શોભાવે છે. તમે બધા એમને પૂજ્ય ગણો છો. ગોચરી વહોરાવો છો. વંદન કરો છો. ચોમાસું લઈ જાઓ છો. બરાબર ને ? તમને સાધુ જોઈએ. પાછા પૂજ્ય જોઈએ, જ્ઞાની જોઈએ, વક્તા જોઈએ. અને તમારે છોકરાઓને રજા નથી આપવી ! ઊલટાના છોકરા દીક્ષા લેવા માગતા હોય તો મારવા છે ! એટલે સંઘ જો નક્કી કરે કે કોઈને દીક્ષા ન આપવી, તો હું સંઘને ઉત્થાપીશ નહિ. પણ મારી સંઘને વિનંતિ છે કે તમે રજા આપતાં પહેલાં છોકરાની કસોટી કરો. એમની આકરી તાવણી કરો. પણ એમને મારો નહિ. ત્રાસ ન આપો. એ કસોટીમાં પસાર થાય તો તમને યોગ્ય લાગે તો રજા આપો. નહિતર સાધુ વધશે નહિ. ને તો આ સંવેગી પરંપરા જીવતી કેવી રીતે રહેશે ?"

બધા મૌન ! નગરશેઠે કીધું, "બોલો, ભાઈઓ ! કાંઈ કહેવું હોય તો કહો !" પણ બધા જ ચૂપ ! આમ બધાની મૌન સંમતિ મળી.

એમણે દીક્ષા લીધી ત્યારે ૩૦ થી ૩૫ સાધુ જ હતા આપણે ત્યાં. અને મૂળચંદજી મહારાજ જે દિવસે કાળધર્મ પામ્યા તે દિવસે એમની પાસે ૯૬ સાધુ તો માત્ર પોતાના જ હતા. બીજા જુદા.

'દીક્ષાયુગ'નું પ્રવર્તન કોને કહેવાય એ સમજાય છે ? દીક્ષાયુગ કેવી રીતે પ્રવર્તાવી શકાય ? તો આ રીતે.

પાલીતાણા ગયા. ત્યાં નગરશેઠના બે છોકરાઓ. દીક્ષાના ભાવ થયા. યતિઓએ ત્યારે વાંધો લીધો કે આ સંવેગી સાધુઓને વંદન કરવા નહિ જવાનું કોઈએ. એમનું વ્યાખ્યાન ના થવું જોઈએ. હવે આખો સંઘ યતિઓની શેહમાં તણાયો. નગરશેઠે આદેશ જાહેર કર્યો. સંઘ ભેગો કરી ઠરાવ કર્યો કે "સંવેગી સાધુઓને કોઈએ પગે લાગવા જવું નહિ. કોઈએ આહાર-પાણી વહોરાવવા નહિ. જે પગે લાગવા જશે તે સંઘ-બહાર જાહેર થશે."

આમાં ૨૦ ઘર જુદાં પડ્યાં કે અમે સંઘનો ઠરાવ નહિ સ્વીકારીએ. અમે જઈશું નહિ, પણ ઠરાવ નહિ માનીએ. ફેર-વિચાર કરો.

નગરશેઠ ઘરે જમવા ગયા. એવો નિયમ કે શેઠ ને છોકરા એક જ થાળીમાં સાથે જમે. છોકરા તે દિવસે જમવા ન આવ્યા. ત્રણ દહાડા સુધી રોજ ન આવે. શેઠે પૂછ્યું કે 'છોકરાઓ શું કામમાં છે ? કેમ નથી આવતા ? ઉપવાસ કર્યા છે ?' તો શેઠાણીએ કીધું કે 'એમણે ઘીનો ત્યાગ કર્યો છે.' 'કેમ ? એમને બોલાવો.' બોલાવ્યા. આવ્યા. પૂછ્યું તો કહ્યું કે "બાપુજી, તમે અમને મનાઈ કરી છે એટલે અમે મહારાજને વંદન કરવા જઈ શકતા નથી. અમારે નિયમ છે કે વંદન કર્યા વિના વાપરવું નહિ, એટલે અમે ઘીનો ત્યાગ કર્યો છે. તમે રજા આપશો તો વંદન કરીશું. નહિ તો અમે જાવજ્જીવ ઘી છોડી દઈશું."

શેઠ રડી પડ્યા. શેઠે કીધું કે "તમારે છાનામાના વંદન કરી આવવાનું. જ્યાં સુધી સંઘ ઠરાવ બદલે નહિ, ત્યાં સુધી સંતાઈને જઈ આવવાનું."

પગ નીચે રેલો આવે ત્યારે બધાય સુધરી જાય ! રજા મળી એટલે છોકરા વંદન કરવા જવા માંડ્યા. એમ કરતાં ફરીવાર વાત આવી. સંઘની મિટિંગ થઈ. પેલા ૨૦ પરિવારે મક્કમતાથી વિરોધ કર્યો. હવે એક સાથે ૨૦ ઘરને સંઘબહાર કોણ કરે ? પરિણામે ઠરાવ કર્યા વગર નગરશેઠે જાહેર કર્યું કે "જેને સાધુ પાસે જવું હોય તે સાધુ પાસે જાય, ને જતિ પાસે જવું હોય તે જતિ પાસે જાય."

આમ, એમણે જતિસંસ્થાને પહેલવહેલો ફટકો લગાવ્યો - પાલીતાણામાં. નિયમ એવો હતો કે 'સાધુનું સામૈયું થાય નહિ. સાધુ વિહાર કરીને આવે એટલે યતિજી પાસે જવાનું અને તેના સ્થાપનાચાર્ય ઉપર રૂમાલ ઓઢાડવાનો, અથવા એમને કામળી ઓઢાડવાની. તો જ એમને ગામમાં રહેવાની પરવાનગી મળે.' આ બધી પ્રથા મૂળચંદજી મહારાજે તોડી. એમણે એકે પરંપરા સ્વીકારી નહિ. 'અમે સાધુ છીએ, ને એ જતિ છે. અમે એમની પૂજા નહિ કરીએ.'

પરંપરા તોડી. કેવી તાકાત હશે સંવેગની ? શાસ્ત્રાજ્ઞાની ?

શાંતિસાગરજી નિશ્ચયવાદી, અમદાવાદમાં હતા. કશુંય નહિ કરવાનું. સામાયિક પણ નહિ. તમે બેસો. જ્ઞાન મેળવો. બસ, બધું આવી ગયું. એમની સાથે આત્મારામજીએ વાદ કર્યો, તોય માન્યા નહિ. નગરશેઠ સાથે એમના સંબંધો, એટલે શેઠ કાંઈ બોલે નહિ. મૂળચંદજી મહારાજ વિચાર કરે કે "આ સાધુને નગરશેઠનું બળ મળી જાય તો સંઘનું બળ મળ્યું ગણાય. અને સંઘનું બળ મળે તો એકાંતવાદ ચાલે. ને તો શાસન કઈ રીતે ચલાવીશ ?"

મહારાજજી ઉદાસ છે. વહોરવા ગયા તો મોઢું પડેલું હતું. શેઠાણીએ પૂછ્યું : "સાહેબ, આજે કેમ ઉદાસ લાગો છો ?" તો

કહે છે કે "આ તમારા નગરશેઠને બહુ સમજાવું છું, પણ એ માનતા નથી." શેઠાણીએ કહ્યું કે 'સારું મહારાજ !'

શેઠ જમવા આવ્યા. શેઠાણીએ થાળી મૂકી. થાળીમાં બે ચૂડીઓ ને એક ચૂંદડી મૂક્યાં. ચૂડી એટલે બંગડી. શેઠ કહે કે 'કેમ શેઠાણી, આજે આ શું છે ?' શેઠાણી કહે કે 'એ તમારે પહેરવાની છે.' 'કેમ ?' "તો શાસનનો દ્રોહ થાય ત્યારે શાસનને બચાવવાની જવાબદારી નગરશેઠની હોય, છતાં તમે ગુરુભગવંતની યોગ્ય વાત પણ સ્વીકારો નહિ, તો તમે બંગડી પહેરી લ્યો એ જ બરાબર છે." શેઠ ઊભા થઈ ગયા. તત્કાળ ભોજકને આદેશ કર્યો કે 'સંઘ ભેગો કરો.' સંઘ ભેગો કરી મૂળચંદજી મહારાજને બોલાવ્યા. ચર્ચા કરાવી ને છેવટે શાંતિસાગરની નસીહત કરાવી. પરિણામે સંઘ શાંતિસાગર તરફ ઢળતો હતો તે પાછો વળી ગયો. જો જો તમે, આ મહાપુરુષની વાતો બરાબર સાંભળજો !

ત્રિસ્તુતિક મત. તે વખતે એનું પણ બહુ ચાલતું હતું. સંઘમાં ખૂબ વ્યામોહ થવા માંડ્યો હતો. એની સામે પણ મહારાજજીએ પગલાં લીધાં છે. રાધનપુરમાં ત્રિસ્તુતિક સાથે શાસ્ત્રાર્થ થયો ને તેમાં તેમને પરાસ્ત કર્યા. એ વખતે चतुर्थस्तुतिनिर्णय નામે ગ્રંથ લખાયો. આત્મારામજી પાસે તે લખાવ્યો. ઝવેરસાગરજી મધ્યપ્રદેશમાં હતા, ત્યાં પણ તેમની સાથે તેઓનો વાદવિવાદ થયો. ખરતરગચ્છના સાધુને લવાદ કરીને નીમેલા : બન્ને પક્ષ - ૩ થોય અને ૪ થોય - બન્નેની વાત તમે સાંભળો અને કોણ સાચું તે નિવેડો આપો. તેમણે બન્ને પક્ષને સાંભળ્યા. સામસામી દલીલો ને શાસ્ત્રોનાં પ્રમાણો પણ સાંભળ્યાં. છેવટે "ઝવેરસાગરજી સાચા છે, તપાગચ્છવાળા અર્થાત્ ૪ થોય વાળા સાચા છે" એવો નિર્ણય આપ્યો. તે

નિર્ણય કે જજમેન્ટ આપતો 'निर्णयप्रभाकर' નામનો ગ્રંથ તે ખરતરગચ્છના સાધુએ લખીને આપ્યો.

પાલીતાણા ઠાકોર અને જૈનો વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરતું હતું. એકવાર ત્યાંના ઠાકોર સાહેબે આણંદજી કલ્યાણજી પેઢીના મુનીમને પકડ્યો. પકડીને ખાંડણિયામાં તેના હાથ મૂકાવીને દસ્તા વડે ખંડાવી નાખ્યા. કલ્પના કરી શકો છો - પેઢીના મુનીમ થવાનું જોખમ ? પેઢીવાળાની રાજ સામે પડવાની હિંમત આમાં કેમ થાય ?

વૃદ્ધિચંદ્રજી મહારાજ તે વખતે પાલીતાણામાં હતા. એમણે પેઢીને તૈયાર કરી. પેલો મુનીમ ગમે તેમ કરીને ઠાકોરની પકડમાંથી છટકી ગયો. એને છોડાવીને ઘેર મોકલી દીધો આથી ઠાકોર ખૂબ ગુસ્સે થઈ ગયા. પણ કાંઈ વળ્યું નહિ. એ દરમ્યાન ઠાકોર મહાબળેશ્વર ફરવા ગયા હતા. ઠાકોર માનસિંહજી હતા. આ મુનીમ ભાગી ગયાના સમાચાર મળતાં ગુસ્સામાં જ તે પાછા વળ્યા, અને પાછા વળતાં રસ્તામાં જ તેમને હાર્ટ ફેઈલ થતાં મરી ગયા.

પછી તો સરકારમાં કાનૂની કાર્યવાહી થઈ, ને છેવટે રાજ્યે જૈનોની માફી માગવી પડી. વૃદ્ધિચંદ્રજીએ તીર્થની રક્ષા માટે આ કાર્યમાં પૂરી મહેનત કરી.

આ બૂટેરાયજી, મૂળચંદજી, વૃદ્ધિચંદ્રજી અને ચોથા આત્મારામજી મહારાજ. આજે જે સાધુઓની મુખ્ય પરંપરાઓ છે તે આ ૪ ને આભારી છે : ૩ ગુરુભાઈ અને ૧ ગુરુ. મોટા ભાગની પરંપરા કોની ? તો આ લોકોની જ. અને ઝવેરસાગરજી પણ મૂળચંદજી મહારાજ પાસે જ આગમો ભણ્યા છે, ભાવનગરમાં. તો આ આપણી પરંપરા.

એમનું અનુશાસન પણ કેવું છે ! બે-ત્રણ વાતો અનુશાસનની કરૂં.

એક સાધુ હતા, નાના. મહારાજજીને બહુ વહાલા. એક છોકરો એમની પાસે આવે વંદન કરવા. રોજ આવે. એને પેલા સાધુએ પૂછ્યું કે 'તું જન્મ્યો ત્યારે કેટલાં હાંડલાં ફૂટ્યાં'તાં ?' છોકરો કાંઈ ન બોલ્યો. બીજે દહાડે ફરી એ જ પ્રશ્ન પૂછ્યો, પણ પેલો કાંઈ ન બોલ્યો. ત્રીજે દહાડે સાધુએ પાછો એ પ્રશ્ન કર્યો. હવે છોકરાને ચડી રીસ ! એણે તો પોતાનો પગ ઉપાડ્યો અને સાધુના પેટમાં લાત મારી. પછાડ્યા, અને ગડદાપાટુ ચાલુ કરી દીધા ! 'મને આવું કહો છો તમે ?'

વાત પહોંચી મૂળચંદજી મહારાજ પાસે. પૂછ્યું : 'આ છોકરાએ તને માર્યો શા માટે ? તેં શું કર્યું કે એ મારવા આવ્યો ?' વાતના મૂળમાં ઊતર્યા તો ખબર પડી કે એ આવા શબ્દો બોલતા'તા. સાહેબે કહ્યું કે "તેં ભાષાસમિતિનો ઉપયોગ ગુમાવ્યો માટે તારે માર ખાવો પડ્યો ને ! જા, આજથી અઠ્ઠમ કર !"

એક સાધુ હતા : શિવવિજયજી. એકવાર ગોચરી વધી. મોટો સમુદાય હતો, ને પંજાબી તથા ખડતલ માણસો હતા, એટલે ગોચરી પણ ઓછી તો ન વધે. ખૂબ વધે. પણ લુખ્ખો આહાર હતો. ભાવે એવું નહોતું. પણ વાપરવો તો પડે જ. મહારાજજીએ બધા સાધુને બોલાવ્યા. બધાય વાપરીને ઊભા થઈ ગયેલા, પાછા આવ્યા. બેસાડ્યા, અને રોટલી વગેરે આહાર બધાને થોડો થોડો વહેંચી આપ્યો. હવે ત્યાં બધા આવ્યા, પણ પેલા શિવવિજય ન આવ્યા. કહે કે "મને અનુકૂળતા નથી; હું તો પતાવીને ઊઠી ગયો છું, હવે ન ફાવે." 'સારું.'

મહિનો-બે મહિના ગયા, ને શીયાળો આવ્યો. ગોચરીમાં મેવો આવ્યો. યોગ એવો કે મેવો વધી પડ્યો. આહાર કરીને ઊભા થયેલા સૌ, પણ આ વસ્તુ વધ્યાની ખબર પડતાં મહારાજજીએ બધાને પાછા બેસાડ્યા, ને કહ્યું, 'બધા થોડો થોડો લઈ લો તો પતી જાય. પરઠવવો ન પડે.' એ વખતે પેલા સાધુ-શિવવિજય પણ બધા સાથે આવીને બેસી ગયા. મહારાજજીએ કીધું કે "અલ્યા, તે દહાડે ઊભો થઈ ગયો'તો તો નહોતો આવ્યો, ને આજે પણ ઊઠી તો ગયેલો તોય કેમ આવ્યો ? તે દહાડે ભાવે એવું નહોતું એટલે નહોતો આવ્યો, ને આ ભાવે છે એટલે ને ? જા, કાલથી માસક્ષમણ કરજે."

કર્યું. માસખમણ કરવું પડ્યું. મહારાજજીના કડક આદેશને ઉત્થાપવાની કોઈનીય તાકાત નહિ. કોઈ સાધુ-સાધ્વી એમની વાત ઉવેખી શકે નહિ.

એક ભક્તિવિજય નામના સાધુ. બહુ રૂપાળા. યુવાન. ભણેલા. પરણેલા, પણ પત્ની સાથે કડવા સંબંધ, અને પછી દીક્ષા લીધી. મહારાજજીને અત્યંત વહાલા સાધુ. વૈરાગ્ય પણ જબરો. બૂટેરાયજીએ એક દહાડો એની પરીક્ષા કરી : "દીકરા ! આ તારી પત્ની, આ તારું ઘર, તારો પરિવાર - બધું બહુ સરસ છે. તું પણ બહુ રૂપાળો છે. સંસાર ભોગવી શકે એવી બધી સ્થિતિ છે, તો જાને ઘેર; શું આ સાધુ થઈને બેઠો છે !"

ભક્તિવિજય મહારાજ શું જવાબ આપે છે એ ખબર છે ? એ કહે છે કે "સાહેબ ! ઘેર બધું જ છે. હું હમણાં જતો રહું. પણ ત્યાં તમારા જેવા બાપા નથી. તમે જો મારી સાથે ઘેર આવતા હો તો હું જાઉં." આવી પ્રીતિ ગુરુ-શિષ્યની હતી.

હવે એમની પાસે એમની પત્ની વાંદવા ને શાતા પૂછવા આવે. આવે ત્યારે હમેશાં છણકા ને છાશિયા કરે

ભક્તિવિજયજી. મૂલચંદજી મહારાજ રોજ એને ટોકે કે "હવે તેં દીક્ષા લઈ લીધી. તારી ઘરવાળી સાથે, ઘરના લોકો સાથે કોઈ વ્યવહાર હવે તારે રાખવાનો નહિ. આવે તો 'કેમ છો ? શાતામાં છો' કહીને પતાવી દેવાનું. કડવાશની વાતો હવે ન હોય. સંસાર ભૂલી જવાનો."

પણ પેલા ભૂલે નહિ. એક દહાડો એ વાત મહારાજ સાંભળી ગયા, જોઈ ગયા. તરત જ કહી દીધું : "જા, જતો રહે. આવો સાધુ મારા મકાનમાં જોઈએ જ નહિ." સમુદાય-બહાર કરી દીધો એને. કાઢી મૂક્યો.

કાઢી મૂક્યા પછી જાય ક્યાં ? ઊભા તો રહેવાય નહિ, નીકળવું જ પડે. હઠીભાઈની વાડીએ ગયા. વાડીનો મુખ્ય દરવાજો, તે ઉપર બુરજીમાં રૂમો છે. અત્યારે તો નાનો ટુકડો જ છે. પહેલાં ત્યાં અપાસરો હતો. નેમિસૂરિ મહારાજે એ બુરજીમાં ચોમાસું કરેલું. એની નીચે જે ઘર છે ત્યાં મહાકવિ ન્હાનાલાલના દીકરા રહેતા'તા. એ મહેસૂલી અધિકારી હતા. એ ઉપાશ્રયમાં એક રૂમમાં જઈને આ સાધુ અંદર બેઠા. ખાય નહિ, પીએ નહિ, નીચે ઊતરે નહિ. બસ, રડ્યા કરે, રડ્યા જ કરે.

હવે ધોળશા ઝવેરી નામના શ્રાવક વાડીએ દર્શન કરવા ગયા, ત્રીજે દહાડે. તો માણસોએ કીધું કે એક મહારાજ અહીં ઉપર આવ્યા છે ને એ કાંઈ ખાતા નથી, પીતા નથી, બોલતા નથી, વહોરવા જતા નથી, ફક્ત રોયા કરે છે. શેઠ સાહેબ, જરા તપાસ કરો ને !

શેઠ ગયા ઉપર. જોયું તો ભક્તિવિજયજી. 'બાપજી ! તમે ? અહીં ? એકલા ? કેમ ?' મહારાજ તો શેઠને જોઈને એમને બાઝી જ પડ્યા ને ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા માંડ્યા. શેઠે

આશ્વસ્ત કર્યા, છાના રાખ્યા. વાત પૂછી કે 'એકલા કેમ અહીં ? કેટલા દિવસ થયા ?' મહારાજે કીધું : "૩ દિવસથી અહીં છું. ઉપવાસ છે. ખાધું પીધું નથી. ૩ દહાડાથી મહારાજજીનું મોં નથી જોયું, વાપરું કઈ રીતે ? મેં ભૂલ કરી છે ને મહારાજજીએ સજા કરી છે. એમનો વાંક નથી. પણ એમના વિના હું નહિ જીવી શકું."

ધોળશા શેઠ દોડતા ગયા મૂળચંદજી મહારાજ પાસે ને કહ્યું, 'સાહેબ ! પેલા છોકરાને મારી નાખશો તમે !' તો કહે, 'શું થયું ?' 'હવે એણે ઉપવાસ માંડ્યા છે, ને ખાતો નથી, પીતો નથી, ને રડ્યા કરે છે કે મારી ભૂલ થંઈ ને ગુરુ મહારાજ મને માફ નહિ કરે ? તો મારું શું થશે ? એમ વલોપાત કરે છે.'

મહારાજજી આ સાંભળીને દ્રવી ઊઠ્યા. કહે કે "ધોળશા, જા જા, જલદી એ છોકરાને મારી પાસે લઈ આવ." બોલાવી લીધો, આશ્વસ્ત કરીને પાછો સંઘાડામાં લઈ લીધો. આ અનુશાસન.

શ્રાવકની પણ વાત કરું. એક શ્રાવક. ભાવનગર ગયો. પાલીતાણાની જાત્રા કરીને વૃદ્ધિચંદ્રજીને વાંદવા માટે. હવે તે વખતે વૃદ્ધિચંદ્ર મહારાજ ઠલ્લે જઈને આવ્યા અને એક મોટી તરપણી ભરેલા પાણી વડે પગ ધોયા.

કામ પતાવીને પેલો અમદાવાદ આવ્યો. એ ઉજમફોઈની ધર્મશાળાએ ગયો મૂળચંદજી મહારાજને વાંદવા. હવે બન્યું એવું કે તે ગયો ત્યારે જ મહારાજજી ઠલ્લે જઈને પધાર્યા હતા. તેમણે એક નાની કાચલી જેટલા પાણીથી પગ ધોઈ લીધા. આસન પર બિરાજમાન થયા.

એટલે પેલો શ્રાવક કહે કે 'સાહેબ, ભાવનગર ગયો હતો.' તરત મહારાજજીએ પૂછ્યું : 'મારો ભાઈ ત્યાં છે, એ

શાતામાં છે ને ?' 'સાહેબ, આપને વંદના કહેવડાવી છે.' મહારાજજી તો ઓળઘોળ !

જરાવાર રહીને પેલા શ્રાવકે પૂછ્યું : 'સાહેબ, એક વાત પૂછું ?' 'હા પૂછ' 'તો સાહેબ, વૃદ્ધિચંદ્રજી મહારાજ ઠલ્લે જઈને આવ્યા તો એમણે આટલું બધું પાણી ઢોળ્યું ! અને તમને જોયા તો તમે તો જરાક પાણીમાં જ પતાવી દીધું ! સાહેબ, સાધુથી આટલું બધું પાણી ઢોળાય ?"

ત્યારે મહારાજજીએ એને જવાબ આપ્યો તે સાંભળવા જેવો છે. તેમણે કહ્યું કે "એનું કારણ એ છે કે વૃદ્ધિચંદ્રજી ગયા જનમમાં બ્રાહ્મણ હતા, તેથી તે જરા ચોખલિયા હોય, શૌચવાદી, એટલે એમણે ધોવું પડે. હું છું એ ગયા ભવમાં રાજપૂત હતો, એટલે મારે બહુ પાણીની જરૂર નહિ. અને તું છે તે ગયા ભવમાં ચંડાળ હતો, તેથી તને આ સાધુના આચાર-વિચાર જોવાનું ન સૂઝ્યું પણ એનાં છીંડાં જોવાનું જ સૂઝ્યું !" કાઢી મૂક્યો એને. તો આવા કડક અનુશાસક હતા એ મહાપુરુષ.

આત્મારામજી મહારાજને પાલીતાણામાં હજારોની મેદની વચ્ચે આચાર્યપદવી મળી. પરાણે 'આચાર્ય' તરીકે જાહેર કર્યા, એમની ના ઉપરાંત. પછી વિહાર કરીને તેઓ અમદાવાદ પધાર્યા. ગુલાબવિજયજી મહારાજ એમના વડીલ. તેમની જોડે જ મૂળચંદજી મહારાજ બેઠેલા. તેમણે તેઓને વંદન કરવા માંડ્યાં. મહારાજજી કહે કે "અબ તો આપ આચાર્ય હો ગયે હો, અબ હમકો વંદન નહિ કરના ચાહિએ." ત્યારે આત્મારામજી મહારાજે કહ્યું કે "હમ તો બનિયોંકે આચાર્ય હૈં, હમારે સબકે આચાર્ય તો યે મૂલચંદજી મહારાજ બૈઠે હૈં. હમ આપકે દાસ હૈં, આપકે શિષ્ય હૈં." અને બધાને વંદન કર્યું.

પ્રેમાભાઈ નગરશેઠે મૂલચંદજી મહારાજને કીધું કે "સાહેબ, તમે આચાર્યપદવી લો." ત્યારે તેમણે કહ્યું : "ઉપાધ્યાય યશોવિજયજીએ આચાર્યપદવી નથી લીધી. આવા મહાન, પ્રખર, શાસનધોરી પુરુષોએ જો આચાર્યપદવી ન લીધી હોય તો મારા જેવો રંક માણસ આચાર્યપદવી કઈ રીતે લે ?"

પણ એમને આચાર્યપદવી ભલે નહોતી, પણ એ આચાર્યોના પણ આચાર્ય હતા. આખા તપાગચ્છને એકસૂત્રે એમણે જોડ્યો. સંવેગી માર્ગની પુનઃસ્થાપના કરી. સાધુઓ વધાર્યા. દીક્ષાનું એક આખું તંત્ર ઊભું કર્યું. દીક્ષાયુગની પ્રવર્તના કરી. મોંઘે કાળે દાન આપો તો શાબાશી મળે. બધે દીક્ષા મળતી કે અપાતી હોય, ઘણા લેતા હોય, અને લેનારાએ પસંદગી કરવાની હોય કે અહીં લઉં કે ત્યાં લઉં ? ત્યારે એમાં શાબાશી ન મળે. તો આપણા સમયમાં દીક્ષાયુગના ખરા પ્રવર્તકો તે આ મહાપુરુષો - શ્રી મૂળચંદજી મહારાજ. એમના અવધૂત ગુરુ બૂટેરાયજી મહારાજ, અને પરમ સંતપુરુષ વૃદ્ધિચંદ્રજી મહારાજ, એ ત્રણ જ છે.

બૂટેરાયજી સં. ૧૯૩૯માં અમદાવાદમાં કાળધર્મ પામ્યા. મૂળચંદજી સં. ૧૯૪૫માં અને વૃદ્ધિચંદ્રજી ૧૯૪૯માં કાળધર્મ પામ્યા. તે બન્ને ભાવનગરમાં કાળ પામ્યા. આજે પણ ભાવનગરમાં દાદાસાહેબમાં એમના અગ્નિસંસ્કાર થયેલા ત્યાં એમનાં પગલાની દેરી છે.

આવા મહાપુરુષોની પરંપરા આપણને મળી છે એ તપાગચ્છની પરંપરામાં આપણે સહુ ફરીથી શાસનનો પ્રવાહ, સંવેગનો પ્રવાહ જીવતો - જળહળતો થાય તેવો ઉદ્યમ કરીએ એજ મંગલ કામના.

❋ ❋ ❋

# જિજ્ઞાસુઓ અવશ્ય વાંચે

## સદ્ધર્મસંરક્ષક

કર્તા - પં. શ્રીહીરાલાલજી દુગ્ગડ
પ્રકાશક - ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા
પૃષ્ઠ - ૨૨૪ મૂલ્ય - ૧૫૦ રૂ. પ્રકાશન વર્ષ - સં. ૨૦૭૦
વીસમી સદીના જૈનધર્મસંરક્ષક મહાન મુનિરાજ શ્રીબૂટેરાયજી મ. (શ્રીબુદ્ધિવિજયજી)નું હિંદી જીવનચરિત્ર.

•

## આદર્શ ગચ્છાધિરાજ

કર્તા - મુનિ શ્રીદર્શનવિજયજી
પ્રકાશક - ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા
પૃષ્ઠ - ૧૬૦ મૂલ્ય - ૮૦ રૂ. પ્રકાશન વર્ષ - સં. ૨૦૭૦
વીસમી સદીના પૂર્વાર્ધના તપાગચ્છના અધિનાયક મહાપુરુષ શ્રીમૂલચંદજી (શ્રીમુક્તિવિજયજી)નું જીવનચરિત્ર.

•

## પંજાબરત્ન ગુરુદેવ

કર્તા - પં. કુંવરજી આણંદજી
પ્રકાશક - ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા
પૃષ્ઠ - ૧૧૬ મૂલ્ય - ૮૦ રૂ. પ્રકાશન વર્ષ - સં. ૨૦૭૦
સમગ્ર સૌરાષ્ટ્રના પરમ ઉપકારી પરમ ગુરુદેવ શ્રીવૃદ્ધિચંદજી મ. (શ્રીવૃદ્ધિવિજયજી)નું જીવનચરિત્ર.

ઉપરોક્ત ત્રણે જીવનચરિત્રો 'ઐસા ગુરુ દુનિયા મેં મિલના કઠિન હૈ' એ શીર્ષક હેઠળ એક સેટમાં પ્રકાશિત થયાં છે.

**આ પુસ્તકો શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા અને શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાયમંદિરથી મેળવી શકાશે.**

## શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળાનાં પ્રકાશનો

- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૧
  - ૧. શ્રીહરિભદ્રસૂરીશ્વરજીની સાહિત્ય-પ્રસાદી
  - ૨. શ્રીહેમચન્દ્રાચાર્યની સાહિત્ય-પ્રસાદી
  - ૩. સોમસુંદરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૪. હીરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૫. ઉપાધ્યાયજીની સાહિત્ય-પ્રસાદી
  - ૬. શાસનસમ્રાટ અને તેમના શિષ્યોની સાહિત્ય-પ્રસાદી
- આદર્શ ગચ્છ આદર્શ ગચ્છનાયક
- જયવંતું જિનશાસન
- शासनसम्राट् भवन की पुनित यादें
- ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૨
  - ૧. સિદ્ધસેન દિવાકરસૂરિ જીવન અને સાહિત્ય સર્જન
  - ૨. વૈરાગ્યરસના ઉદ્‌ગાતા શ્રીસિદ્ધર્ષિ ગણિ
  - ૩. જીવદયા જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય
  - ૪. વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો
  - ૫. સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

KIRIT GRAPHICS
09898490091